RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 253* Date: 10.07.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વધુ ૪૩,૩૯૩ પોઝિટિવ કેસ નોંધાયા, નવા કેસોમાં ઉતાર-ચઢાવ યથાવત્

# કોરોનાથી દેશમાં ૨૪ કલાકમાં વધુ ૯૧૧ના મોત,એક્ટિવ કેસ ઘટીને ૪.૫૮ લાખ



### ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૪,૪૫૯ દર્દીઓ સાજા થયા છે જેની સાથે સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા વધીને ૨,૯૮,૮૮,૨૮૪ પર પહોંચી

ન્યુ દિલ્હી,તા.૯

ભારતમાં કોરોનાના નવા કેસમાં ઉતાર-ચઢાવ યથાવત છે. આજે કેન્દ્રીય મંત્રાલય દ્વારા નવા જાહેર કરાયેલા દૈનિક આંકડા પ્રમાણે નવા કેસમાં ગઈકાલની સરખામણીમાં ઘટાડો થયો છે જોકે, મૃત્યુઆંક વધ્યા છે. કોરોનાની ત્રીજી લહેરની સંભાવના વચ્ચે નાગરિકોને બહાર નીકળે ત્યારે કોવિડ-૧૯ ગાઈડલાઈનનું પાલન કરવાની સતત સૂચનાઓ આપવામાં આવી રહ્યા છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશમાં ઓક્સિજનની સ્થિતિ અને જરુરિયાત અંગે હાઈ લેવલની બેઠક પણ યોજના છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આજે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના નવા ૪૩,૩૯૩ કેસ નોંધાયા છે જે આંકડો ગઈકાલે ૪૫,૮૯૨ હતો. જ્યારે મૃત્યુઆંક ગઈકાલે ૮૧૭ હતા તે આજે વધીને ૯૧૧ થયા છે. આજે દેશમાં કોરોનાના નવા કેસની સરખામણીમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા સામાન્ય વધુ નોંધાઈ છે.

ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૪,૪૫૯ દર્દીઓ સાજા થયા છે જેની સાથે સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા વધીને ૨,૯૮,૮૮,૨૮૪ પર પહોંચી છે. જ્યારે કુલ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૩,૦૭,૫૨,૯૫૦ થઈ ગઈ છે. વધુ ૯૧૧ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૦૫,૯૩૯ થઈ ગયો છે.

ભારતમાં કોરોનાના સાજા થનારા દર્દીઓની સંખ્યા વધવાથી એક્ટિવ કેસની સંખ્યા ૪,૫૮,૭૨૭ પર પહોંચી ગઈ છે. જે પ્રમાણે ગયા અઠવાડિયે કોરોનાના નવા કેસની સંખ્યા ૪૦ હજારની અંદર પહોંચી ગઈ હતી તેમાં વધારો નોંધાયો છે. આ કારણે હિલ સ્ટેશન અને હરવા-ફરવાના સ્થળો તથા બજારોમાં વધતી ભીડના લીધે ચિંતા વ્યક્ત કરાઈ રહી છે.

ભારતમાં ૧૬ જાન્યુઆરીએ કોરોના રસી અભિયાન કરવામાં આવ્યો હતો જેમાં ગઈકાલ સુધીમાં કુલ ૩૬,૮૯,૯૧,૨૨૨ ડોઝ આપવામાં આવ્યા છે જેમાં ૯ જુલાઈના રોજ વધુ ૪૦,૨૩,૧૭૩ ડોઝ આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૯ જુલાઈ સુધીમાં કુલ ૪૨,૭૦,૧૬,૬૦૫ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૭,૯૦,૭૦૮ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૪ મેના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી. ૨૩ મેના નવા કેસ સાથે કુલ કેસ ૩ કરોડને પાર થઈ ગયા છે.

## રાજૌરી એનકાઉન્ટરમાં બે પાકિસ્તાની આતંકવાદી ઢેર, બે સૈનિક પણ શહીદ

રાજૌરી,તા.૯

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં ગુરૂવારે સાંજે એનકાઉન્ટરમાં બે પાકિસ્તાની આતંકવાદી ઢેર કર્યા છે. પરંતુ બે સૈનિકો પણ શહીદ થયા છે. અથડામણ રાજૌરીના સુંદરબની સેક્ટરમાં થઈ છે. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી હથિયાર અને દારૂગોળો મળી આવ્યો છે. સુરક્ષાદળોએ આતંકવાદીઓ વિરુદ્ધ પ્રહારો તેજ કરી દીધા છે. માત્ર ગુરૂવારે કેન્દ્ર શાસિત પ્રદેશમાં થયેલા ત્રણ એનકાઉન્ટરમાં છ આતંકવાદીઓને ઠાર કર્યા છે.

આ પહેલા જમ્મુ-કાશ્મીરના કુલગામ અને પુલવામા જિલ્લામાં સુરક્ષાદળોની સાથે અથડામણમાં ૪ આતંકીઓ માર્યા ગયા. આ અથડામણ એવા સમયે થઈ છે જ્યારે હિઝબુક મુઝાહિદીનના આતંકી કમાન્ડર બુરહાન વાનીના માર્યા ગયાના પાંચ વર્ષ પૂરા થવા પર ગુરૂવારે ઘાટીના કેટલાક વિસ્તાર બંધ રહ્યા. પોલીસના એક પ્રવક્તાએ જણાવ્યુ કે પુલવામાના પુચાલ ક્ષેત્રમાં આતંકવાદીઓની હાજરીની સૂચના મળવા પર પોલીસ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ અને સેનાએ બુધવાર અને ગુરૂવારની રાત્રે સંયુક્ત રૂપથી ઘેરાબંધી કરી સર્ચ ઓપરેશન અભિયાન ચલાવ્યું હતું.

તેમણે કહ્યું કે, સર્ચ અભિયાન દરમિયાન આતંકવાદીઓના ઠેકાણાની જાણકારી મેળવી અને તેને સમર્પણ કરવાનું કહ્યું, પરંતુ તેમણે ગોળીબારી શરૂ કરી અને જવાબી કાર્યવાહી બાદ અથડામણ શરૂ થઈ. પ્રવક્તાએ જણાવ્યુ કે, અથડામણમાં બે આતંકવાદીઓ ઢેર થયા અને તેના મૃતદેહ કાઢવામાં આવ્યા છે. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ આતંકી સંગઠન લશ્કર એ તૈયબાના રૂપમાં થઈ છે. આતંકીના નામ રમઝાન સોફી અને અલ બદ્ર ઈનાયત અહમદ ડારના રૂપમાં થઈ છે. તો કુલગામ જિલ્લામાં રાષ્ટ્રીય રાજમાર્ગ પર આતંકીઓની સૂચના મળ્યા બાદ જદોરા-કાજીગુંડમાં એક સંયુક્ત તપાસ ચોકી સ્થાપિત કરવામાં આવી છે.

### અમે પ્રાઈવસી પોલિસી સ્વીકારવા યુઝર્સને ફરજ નહીં પાડીએ: વ્હોટસએપ

## વોટ્સએપે નવી પ્રાઈવસી પોલિસી પર સ્વૈચ્છિક રોક લગાવી

*ન્યુ દિલ્હી,તા.૯*




વોટ્સએપની નવી પ્રાઈવસી પોલિસી અંગે દાખલ થયેલી અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં આજે સુનાવણી થઈ. આ દરમિયાન વોટ્સએપે કોર્ટને જણાવ્યું કે તેણે નવી પ્રાઈવસી પોલિસીને હાલ પોતાની ઈચ્છાથી હોલ્ડ પર રાખી છે.

વોટ્સએપે કહ્યું કે જ્યાં સુધી ડેટા પ્રોટેક્શન બિલ લાગૂ ન થઈ જાય ત્યાં સુધી કંપની પોતાના યૂઝર્સને નવી પ્રાઈવસી પોલિસી સ્વીકારવા માટે મજબૂર કરશે નહીં. આ સાથે જ કંપનીએ એમ પણ જણાવ્યું કે પ્રાઈવસી પોલિસી નહીં માનનારા ગ્રાહકો પર હાલ કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ કે રોક પણ લગાવવામાં આવશે નહીં.

દિલ્હી હાઈકોર્ટે વોટ્સએપ અને તેની પેરેન્ટ કંપની ફેસબુકની એક અરજી પર સુનાવણી ચાલુ હતી. જેમાં કોર્ટે નવી પ્રાઈવસી પોલિસી વિરુદ્ધ CCIની તપાસમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કરી દીધો હતો. વાત જાણે એમ છે કે ૨૩ જૂનના રોજ દિલ્હી હાઈકોર્ટની એકલ પીઠે વોટ્સએપની નવી પ્રાઈવસી પોલિસીની તપાસ મામલે ફેસબુક અને મેસેજિંગ એપ પાસે કેટલીક સૂચના માંતી સીસીઆઈની નોટિસ પર રોક લગાવવાનો ઈન્કાર કરી દીધો હતો.

સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે વોટ્સએપને કહ્યું કે તમારા વિરુદ્ધ આરોપ છે કે તમે ડેટા ભેગો કરીને તમારી બીજી કંપનીઓને આપવા માંગો છો, પરંતુ તમે બીજી પાર્ટીની સહમતિ વગર આમ કરી શકો નહીં. કોર્ટે કહ્યું કે આરોપ એવો પણ છે કે ભારત માટે તમારી પાસે અલગ માપદંડ છે. શું ભારત અને યુરોપ માટે તમારી અલગ અલગ નીતિ છે?

જેના પર વોટ્સએપે કહ્યું કે અમે પ્રતિબદ્ધતા દર્શાવી છે કે સંસદથી કાયદો આવે ત્યાં સુધી અમે કશું કરીશું નહીં. જો સંસદ અમને ભારત માટે એક અલગ નીતિ બનાવવાની મંજૂરી આપે તો અમે તે પણ બનાવી દઈશું. જો આમ ન થાય તો તેના ઉપર પણ વિચાર કરીશું. કંપનીએ કહ્યું કે જો સંસદ અમને ડેટા શેર કરવાની મંજૂરી આપે તો સીસીઈ પણ કશું કહી શકે નહીં.

**વ્હોટ્સએપની નવી પોલિસી શું છે?**

વ્હોટ્સએપ પર નવા ટર્મ્સ અને પ્રાઈવસી પોલિસી અનુસાર, સર્વિસિઝને ઓપરેટ કરવા માટે વ્હોટ્સએપ જે કન્ટેન્ટ અપલોડ, સબમિટ, સ્ટોર, સેન્ડ અથવા રિસીવ કરે છે, કંપની તેને પણ યૂઝ, રિપ્રોડ્યુસ, ડિસ્ટ્રીબ્યૂટ અને ડિસ્પ્લે કરી શકે છે.

## ખેડૂતો કોઈ શરત વગર સરકાર સાથે વાતચીત કરવા તૈયાર: રાકેશ ટિકૈત

ન્યુ દિલ્હી,તા.૯

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાઓ સામે ચાલી રહેલા ખેડૂત આંદોલનને લઈને ફરી ચર્ચા શરુ થઈ છે.

તાજેતરમાં કેન્દ્રના કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે નિવેદન આપ્યુ હતુ કે, સરકાર કૃષિ કાયદાઓને પાછા નહીં લે પણ આંદોલનકારી ખેડૂતો સાથે વાતચીત કરવા માટે તૈયાર છે.હવે ખેડૂત આગેવાન રાકેશ ટિકૈતે તેના પર પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે, સરકાર ભલે લાઠીનો ઉપયોગ કરે પણ જે પણ વાતચીત થશે તે કોઈ પણ જાતની શરત વગર થશે.

ભારતીય કિસાન યુનિયનના આગેવાન ટિકૈતના કહેવા પ્રમાણે સરકારનો જે લેટેસ્ટ પ્રસ્તાવ અમને મળ્યો છે તે શરતો સાથેનો છે.સરકાર વાતચીત કરવા માંગે છે પણ એવુ પણ કહી રહી છે કે, નવા કાયદા પાછા નહીં ખેંચાય.અમે કોઈ શરત મુકી નથી.જો કાયદા પાછા ખેંચવા પર ચર્ચા કરવાની હોય તો અમે વાતચીત કરવા માટે તૈયાર છે.

તેમણે કહ્યુ હતુ કે, અમે તો આઠ મહિનાથી આર પારની લડાઈના મૂડમાં છે.આર પારની લડાઈનો જે અર્થ જેને કાઢવો હોય તે કાઢી શકે છે પણ અમે કહી રહ્યા છે કે અમે શાંતિથી બેઠા છે.સરકાર જો અમને અહીંથી પાછા મોકલવા માંગતી હોય તો દંડા અને ગોળીઓનો ઉપયોગ કરી શકે છે.

ટિકૈતે આગળ કહ્યુ હતુ કે, સરકાર કોઈ પાર્ટીની હોત તો વાત કરત પણ આ સરકાર કંપનીઓ ચલાવી રહી છે અને લોકોને લૂંટવાનો પ્લાન કરી રહી છે.દેશની જનતાએ રસ્તા પર આવીને લૂંટારુઓને ભગાડવા પડશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૫૬**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૮૨૪૧૪૭**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૧**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૧૯૬**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૮૧૨૭૧૮**

### દેશમાં મેડિકલ ઓક્સિજનની ઉપલબ્ધતાને લઈ વડાપ્રધાને ઉચ્ચસ્તરીય બેઠક યોજી

## ત્રીજી લહેરની આશંકા: PMનો ૧૫૦૦ ઓક્સિજન પ્લાન્ટ લગાવવા આદેશ

ન્યુ દિલ્હી,તા.૯

કોરોનાની ત્રીજી લહેરની આશંકા વચ્ચે કેન્દ્ર સરકારે તૈયારીઓ ઝડપી બનાવી છે. દેશમાં મેડિકલ ઓક્સિજનની ઉપલબ્ધતાને લઈને પીએમ નરેન્દ્ર મોદીએ શુક્રવારે એક ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી હતી અને ૧૫૦૦ ઓક્સિજન પ્લાન્ટ લગાડવાના આદેશ આપ્યા હતા.

આ પ્લાન્ટ્સને દેશના વિવિધ ભાગોમાં લગાડવામાં આવશે. પીએમ મોદીએ આ બેઠકમાં અધિકારીઓને કહ્યું કે તેઓ નક્કી કરે કે આ કામ ખૂબ જ ઝડપથી શરૂ થાય. સાથે જ હોસ્પિટલના સ્ટાફને પણ ઓક્સિજન પ્લાન્ટ માટેનું સંચાલન કઈ રીતે કરવું તે માટેની ટ્રેનિંગ પર પણ ભાર મૂક્યો હતો. આ ઓક્સિજન પ્લાન્ટ્સની ફન્ડિંગ પીએમ કેર્સ ફંડમાંથી કરાશે. આનાથી દેશમાં ચાર લાખ ઓક્સિજન બેડ તૈયાર કરવામાં મદદ મળશે. પીએમ મોદીએ આ બેઠકમાં કહ્યું કે, દરેક જિલ્લામાં એવા કેટલાક લોકો હોવા જોઈએ, જેમને ઓક્સિજન પ્લાન્ટ્સનું સંચાલન અને દેખરેખની દ્રષ્ટિએ ટ્રેનિંગ અપાય.

ભારતમાં માર્ચથી લઈને મે સુધી ચાલેલી કોરોનાની બીજી લહેરમાં મોટાપાયે કોરોનાના કેસ મળ્યા હતા. આટલું જ નહીં, પહેલી લહેરની સરખામણીએ બીજી લહેરમાં મોટાપાયે ઓક્સિજનની કમી જોવા મળી હતી. મુંબઈ, દિલ્હી, બેંગલુરુ સહિત દેશના તમામ શહેરોમાં મેડિકલ ઓક્સિજન, વેન્ટિલેટર બેડ્સ વગેરેની કમી જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, ગુરૂવારે જ વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે કોરોનાની ત્રીજી સંભવિત લહેરને ધ્યાને લઈ ૨૩ હજાર કરોડથી વધુનું પેકેજ જાહેર કર્યું હતું. તેમાંથી ૧૫ હજાર કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર અને ૮ હજાર કરોડ રૂપિયા રાજ્ય સરકારો આપશે.

## ટૂંક સમયમાં બાળકો માટેની કોરોના વેક્સિનને મંજૂરી મળે તેવી શક્યતા

*ન્યુ દિલ્હી,તા.૯*

કોરોનાની ત્રીજી લહેરમાં બાળકો વધારે પ્રભાવિત થશે તેવી શક્યતાઓની વચ્ચે બાળકો માટે વેક્સિન ઉપલબ્ધ કરાવવાની પણ તૈયારીઓ થઈ ગઈ છે. બાળકો માટે ભારત બાયોટેકની કોવેક્સિન ટૂંક સમયમાં ઉપલબ્ધ થઈ શકે છે. તેનો ત્રીજો ટ્રાયલ શરૂ થઈ ગયો છે. માનવામાં આવી રહ્યું છે કે બાળકો માટેની કોવેક્સિનનો ટ્રાયલ સપ્ટેમ્બરના અંત સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે. બાળકો માટેની કોરોના વેક્સિનને ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધીમાં મંજૂરી મળશે અને વેક્સિનેશન શરૂ થશે તેવું અનુમાન છે.

નેશનલ ગ્રુપ ઓન વેક્સિનના પ્રમુખ ડૉક્ટર અરોરાના કહ્યા પ્રમાણે, ઝાયડસની કોરોનાની વેક્સિનને પણ ઈમર્જન્સી ઉપયોગ માટે કેટલાક સપ્તાહની અંદર જ લીલી ઝંડી મળી શકે છે. તેમણે જણાવ્યું હતું કે દેશમાં સ્કૂલો ખોલવા સહિત અનેક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવી રહ્યો છે. આશા છે કે સપ્ટેમ્બરના અંત સુધીમાં અમે આ વેક્સિનનું કામકાજ શરૂ કરી શકીશું. ભારત બાયોટેકની બાળકો માટેની વેક્સિન ઉપલબ્ધ થયા બાદ ૨થી ૧૮ વર્ષના બાળકોનું ડિસેમ્બર અથવા જાન્યુઆરી-ફેબ્રુઆરીના મધ્યમાં વેક્સિનેશન શરૂ થઈ શકે છે.

કોરોનાની ત્રીજી લહેરમાં બાળકોને વધારે અસર થશે તેવો કેટલાક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો.

જો કે જોકે પીડિયાટ્રિક એસોસિએશન સહિત કેટલાક ગ્રુપ કહી ચૂક્યા છે કે કોરોનાની ત્રીજી લહેરની બાળકો પર વધુ અસર થવાની શક્યતા ખોટી પણ સાબિત થઈ શકે છે અને મજબૂત રોગપ્રતિકારક ક્ષમતાને કારણે બાળકો સુરક્ષિત રહેશે. જો કે સરકાર એલર્ટ છે અને કોઈજ કસર છોડવા માંગતી નથી.

## તંત્રી સ્થાનેથી...

# "રફાલ"નું ભૂત ફ્રાન્સમા ધુણ્યુ અને પડઘા ભારતમાં પડવાનો પ્રારંભ......!

*દેશમાં લોકસભાની ચૂંટણી સમયે ગાજેલું "રફાલ" વિમાન કૌભાંડ બાબતને આમ પ્રજાએ ગણકાર્યુ હતું નહીં. અને કોંગ્રેસને પછડાટ આપી હતી. ત્યારબાદ કેન્દ્રમાં ભાજપ સરકાર આવી અને નોટબંધી, જી એસ ટી સહિતના લીધેલા પગલાં સાથે જાહેર સાહસોને ખાનગી હાથોમાં સોંપવા સહિતના પગલાઓ બાદ તેની અસર દેશભરમાં અનેક ક્ષેત્રો પર પડી જેમાં અનેક પ્રકારના વિવિધ ઉધોગો,ધંધા,માર્કેટો ઘેરાઈ ગયા તો લોકોને ખાનગી બચતોનુ ધોવાણ થઈ ગયુ. બેરોજગારી વધી પડી તે સાથે નવી નોકરીઓના દ્વાર પણ ખુલ્યા નહીં. મોંઘવારી પણ વધવા લાગી જે કારણે આમ પ્રજા ભારે ત્રસ્ત થઈ ગઈ. પરિણામે બધી બાબતોમાં આમ પ્રજા જવાબદાર કેન્દ્ર સરકારને જવાબદાર ગણવા લાગી. દરમિયાન ૨૦૨૦માં ત્રાટકેલા કોરોનાવાયરસે આમ પ્રજાની મુસીબતોમાં બેહદ વધારો કરી દીધો. તે સમયે સરકારને લાંબો સમય લોકડાઉન નાખવું પડ્યું હતું. પરિણામે કોરોના મહામારીમાં વિશ્વના અન્ય દેશો કરતાં ભારતને અને તેની પ્રજાને ઘણું જ ઓછું નુકસાન થયું. તેમજ કોરોના સાંકળ તોડવામાં સફળતા મળી. પરંતુ નાના- મોટા વિવિધ પ્રકારના ઉધોગો, વેપાર-ધંધા બંધ રહેતા અનેકોની નોકરીઓ અને રોજગારીની આવક બંધ થઇ ગઇ હતી જે કારણે મોટાભાગના લોકોની હાલત કફોડી બની ગઇ હતી. લોકડાઉન છૂટછાટો મળી પરંતુ લાખો લોકોએ નોકરીઓ,રોજગારી સહિતની આવકો ગુમાવી હતી તેમજ વતન જતા રહેલ પરપ્રાંતીઓ પોતાના કાર્ય સ્થળે ન આવતા તેની અસર જે તે ઉધોગોના ઉત્પાદન પર પડી હતી. બીજી તરફ વેપાર-ધંધા, બજારો ખુલી ગયા હતા પરંતુ લોકોના ખીસ્સા ખાલી હતા-લોકોની ખરીદશક્તિ નો અભાવ હતો જે કારણે બજારોની રોનક ઉડી ગઈ હતી. ધીરે ધીરે રોજગારની તક વધવા લાગી, બજારો ધમધમવા લાગ્યા અને સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ પણ યોજાઈ ગઈ.જનજીવન થાળે પડવા લાગ્યું હતું ત્યારેજ ૨૦૨૧ માં કોરોના પુનઃ ત્રાટક્યો જે બીજી કોરોના ની બીજી લહેર હતી અને આમ પ્રજાની ખાના ખરાબી શરૂ થઈ ગઈ. જ્યારે કે સરકારે પ્રતિબંધાત્મક આદેશો અને કર્ફ્યુ જેવા પગલાં લીધા હતા જેથી લોકોની આવકોમાં મોટો ઘટાડો થઈ ગયો. બીજી કોરોના લહેરમા સરકારની સ્વાસ્થ્ય સેવાઓની ઉણપો બહાર આવી ગઈ જે કારણે મોટા ભાગની પ્રજા કેન્દ્ર સરકારને દોષી ગણવા લાગી અને પ્રજા સરકાર અને તંત્રથી વાઝ આવી ગઈ......!*

*દેશભરમાં આમ પ્રજામાં કોરોના બાદ મળેલ છૂટછાટો બાદ દેશભરમાં ઊભી થયેલ પરિસ્થિતિને કારણે સરકારના વિરોધમાં ફરી વળેલા આક્રોશ વચ્ચે ફ્રાન્સમાં રાફેલ ડીલમા ભ્રષ્ટાચારની શંકાને પગલે ન્યાયીક તપાસ કરવા માટે થયેલ અરજીમા ફ્રાન્સ સરકાર દ્વારા રાફેલ તપાસ શરૂ થયાના સમાચારો બહાર આવતા ભારતમાં વિપક્ષો સરકાર પર તૂટી પડ્યા છે. તો મોટા ભાગના લોકો હવેના સમયમાં શંકા વ્યક્ત કરવા લાગ્યા છે. મતલબ આમ પ્રજામા હવે જાગૃતી આવી ગઈ છે કારણ કોંગ્રેસ સરકારે "રફાલ" વિમાનની કિંમત રૂપિયા ૫૨૬ કરોડ નક્કી કરવા સાથે ૧૮ વિમાનો બનાવીને ભારતને આપવાના હતા અને બાકીના ૧૦૮ રફાલ ભારતમાં હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે મળીને તૈયાર કરવાના હતા. જ્યારે કે મોદી સરકારે આ ડીલ રદ્દ કરી એક રફાલ ૧૬૭૦ કરોડમાં ખરીદી રહી છે તો પછી કિંમત કઈ રીતે વધી જાય ઉપરાંત માત્ર ૩૬ રફાલ વિમાનજ ખરીદવાના.બીજી તરફ સંસદ ગૃહમાં રફાલ સોદાની વિગતો આપવા માંગ થઈ હતી ત્યારે સરકારે તેનો જવાબ આપવાનો ઇનકાર કર્યો હતો. તેમજ હિંદુસ્તાન એરોનોટિક્સને બાજુમાં હડસેલી દઈને નવી ખાનગી કંપની રિલાયન્સ ડિફેન્સ કંપની પસંદગી કરી તેના દ્વારા આ સોદો પાર પડાયો હતો જેને કારણે આમ પ્રજામાં પણ કેન્દ્ર સરકાર પ્રત્યે ભ્રષ્ટાચાર થયો હોવાની શંકાઓ ફરી વળી છે. તથા આ કારણે કેન્દ્ર સરકારમાં પણ ચિંતા વ્યાપી ગઈ છે. રફાલ ડીલ બાબતે ફ્રાન્સમાં એક નાગરિકે રફાલ સોદામાં ભ્રષ્ટાચાર થયો હોવાની શંકાને લઈને તપાસ કરવા માંગ કરતા આ મામલો જાહેર થયો છે.... અને વિપક્ષો સરકાર પર જે રીતે તૂટી પડ્યા તે જોઈને એક બાબત સ્પષ્ટ દેખાઇ રહી છે કે રફાલ મુદ્દો આગામી સમયમાં લાંબો સમય ગરમાહટ લાવી શકે તેવી શક્યતા વધુ છે......!*

### અંદાજે રૂા.૨.૭૨ કરોડના ખર્ચના

# લાછરસ-શહેરાવ રોડના કામનું ભૂમિપૂજન સાથે કરાયું ખાતમુહુર્ત



રાજપીપલા,તા ૮

ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા, છોટાઉદેપુરના સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પર્યુષાબેન વસાવા, જિલ્લા વિકાસ અધિકારી પી.ડી.પલસાણા વગેરેની ઉપસ્થિતિમાંનર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના લાછરસ ગામ ખાતે અંદાજે રૂા.૨.૭૨ કરોડના ખર્ચે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ નિમાર્ણ પામનાર લાછરસથી શહેરાવને જોડતા ૬.૩૦ કિ.મિ. ના રોડના ભૂમિપૂજન સાથે ખાતમુહુર્ત કરાયું હતું.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ચૂંટણી પહેલાં લાગતું હોય છે કે ભાજપનો સફાયો થઈ જશે,પરંતુ સફાયો કોંગ્રસનો જ થઈ જાય છેઃકોંગી ધારાસભ્યનો ધડાકો




કોંગ્રેસ ફરી એક વાર આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારીમાં લાગી છે. ત્યારે પાટણમાં જિલ્લા કોંગ્રેસ કાર્યાલયમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલની અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઈ હતી, જેમાં વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કિરીટ પટેલ અને હાર્દિક પટેલ બંનેએ ભાજપ પર પ્રહાર કર્યા હતા. કિરીટ પટેલે જણાવ્યું હતું કે, દર વખતે ભાજપના સફાયાના સપનાં જોઈએ છે પણ જનતા તો કોંગ્રેસનો જ સફાયો કરી દે છે. તો બીજી તરફ હાર્દિક પટેલે આમ આદમી પાર્ટીને ભાજપની બી ટીમ ગણાવી હતી. આ સાથે હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની જ સરકાર આવશે અને કોંગ્રેસ ૧૨૫ બેઠક જીતશે.

**પ્રજા હેરાન છે તેમ છતાં ભાજપને જ વોટ આપે છેઃ કિરીટ પટેલ**

આ બેઠકમાં કોંગ્રેસના ધારાસભ્ય ડો. કિરીટ પટેલે જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં ખેડૂતો, વેપારીઓ, શિક્ષિત બેરોજગારો સહિત દરેક લોકો હેરાન છે. ચૂંટણીઓ પહેલા ભાજપનો સફાયો થઈ જશે તેવું ચિત્ર ઉભું થાય છે પણ છેવટે આપણો જ સફાયો થાય છે. આવું કેમ થાય છે તેના ઉપર મનોમંથન કરવા કાર્યકરોને શિખ આપી હતી. આ સાથે જ તેમણે ઉમેર્યું હતું કે, આપણી અંદર શિસ્તનો અભાવ છે. આયોજનપૂર્વક કામગીરી થતી નથી. હોદ્દો લઈ બેસી રહેવાના બહાને પક્ષ દ્વારા આપવામાં આવેલી કામગીરી નિભાવી પક્ષને વફાદાર રહીશું તો જ આગામી વિધાનસભાની ચૂંટણીમાં પક્ષને મજબૂત બનાવી શકીશું. તો આ બેઠક દરમિયાન રાજ્યમાં કોરોના મહામારીના કારણે અવસાન પામેલા કોંગ્રેસના આગેવાનો કાર્યકરો અને અન્ય લોકોને શ્રદ્ધાંજલિ આપવા ૨ મિનીટનું મૌન પાળવામાં આવ્યું હતું.

**ચૂંટણીઓ આવે છે ત્યારે ત્રીજી અને ચોથી રાજકીય પાર્ટીઓ તૈયાર કરી ભાજપ પોતાનો સ્વાર્થ સાધે છેઃ હાર્દિક પટેલ**

હાર્દિક પટેલે ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, જ્યારે જ્યારે ચૂંટણીઓ આવે છે ત્યારે ત્રીજી અને ચોથી રાજકીય પાર્ટીઓ તૈયાર કરી ભાજપ પોતાનો સ્વાર્થ સાધી લે છે. આમ આદમી પાર્ટી પણ ભાજપને મદદ કરવા અને નારાજ મતદારો માટે બનાવવામાં આવી છે. આજ દિન સુધી ગુજરાતના મતદારોએ ત્રીજી પાર્ટીને કોઈ સ્થાન આપ્યું નથી. જોર પકડી રહેલા જ્ઞાતિવાદના રાજકારણને ગુજરાત માટે ઘાતક જણાવી ઉમેર્યું હતું કે, ભારતના બંધારણમાં કોઈ સમાજ કે જ્ઞાતિના વ્યક્તિને જ મુખ્યપ્રધાન બનાવવામાં આવે તેવી વાતને કોઈ સ્થાન નથી. કોંગ્રેસ પક્ષના સંગઠનને વધુ મજબૂત કરવા મહિલા કોંગ્રેસ, યૂથ કોંગ્રેસ, NSUI કિસાન કોંગ્રેસ સહિત વિવિધ સેલના આગેવાનો અને કાર્યકરો દ્વારા બેઠકો કરી આયોજન થકી વધુમાં વધુ લોકો કોંગ્રેસમાં જોડાય તેવા પ્રયત્નો કરવા, ધારાસભ્ય સાથે બેઠકો કરી તેઓના પ્રશ્નો ઉકેલવા ઉપર ભાર મુકી આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી વિજય બને તે દિશામાં પ્રયાસો કરવા હાકલ કરી હતી. કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શંકરજી ઠાકોર તાલુકા પ્રમુખ શ્રવણ જી ઠાકોર બાબુજી અલ્કેશ દેસાઈ ભૂરાભાઈ જોષી ભૂમિકા પટેલ ભુરાભાઇ સૈયદ ભાવિક રામી યાસીન મિર્ઝા હસમુખ સક્સેના સહિત કાર્યકરો ઉપસ્થિત રહેલ

# નર્મદા જિલ્લામા વરસાદ ખેંચાતા ૭૫ હજાર હેકટર વિસ્તારમા કરેલું વાવેતર નિષ્ફળ જવાની ભીતિ સેવતા ખેડૂતો.

રાજપીપલા, તા ૯

નર્મદા જિલ્લો એ આદિવાસી વિસ્તાર ધરાવતો જિલ્લો છે. જેમાં મહદ અંશે આદિવાસીઓ ખેતી આધારિત જીવન જીવે છે.ખાસ કરીને ગ્રામ્ય અને પહાડી વિસ્તારોમાં ડુંગરઅને ઢોળાવ પર આકાશી ખેતી કરતા ખેડૂતોની સંખ્યા વધારે છે.

અહીના લોકો ખાસ કરીને પશુપાલન અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

જેમાં નર્મદામા પ્રથમ વરસાદ થતાં જ ખેડૂતોએ મોંઘા મોંઘા બિયારણો લાવી વાવણી કરી નાખી છે.પરંતુ હવે વરસાદ ખેંચાતાઆ બિયારણ બફાઈ જવા માંડ્યું છે. અને જો વરસાદ નહી આવે તો બિયારણ અને ઉગી નીકળેલા ધરું નષ્ટ થઈ જવાની સંભાવના છે.જેને કારણે ખેડૂતો મુંઝવણમાં મુકાઈ ગયાછે.

નર્મદા પંથકમાં એક જ વાર મેઘરાજાનું હળવા ઝાપટા સાથે વરસાદ આગમનથયું હતું. ત્યારબાદ નર્મદા જિલ્લા મા છેલ્લા ૧૫ દી દિવસથી નર્મદા પંથકમાં વરસાદ જગતના તાતને હાથતાળી આપી જાણે છટકી ગયો છે. ત્યારે હવે નર્મદાનાખેડૂતો મેઘરાજાની કાગડોળેરાહ જોઈ રહ્યા છે. પરંતુ હાલ તો નર્મદા મા વરસાદ ના કોઈ એંધાણ વરતાતા ન હોવાના કારણે ખેડૂત સહિત અન્ય વેપારીગણ પણ ચિંતામાં મુકાઈ ગયા છે.જો સમયસર વરસાદ નહી આવે તો શું થશે ? કારણ કે હાલ તોનર્મદા પંથકમાં મોટાભાગે ખેડૂતોએ મેઘરાજાના પ્રથમ આગમન થી મોંઘા મોંઘા બિયારણ અને ખાતરો લાવી ખેતી કરી નાખી છે. પરંતુ મેઘરાજા મહેરબાન નથી થતાં એ એક ચિંતાનો વિષય બન્યો છે.

એકબાજુ કોરોનાએ લોકો ના તમામ રોજગાર પર માઠી અસર પહોચાડી છે. ત્યારેહવે વરસાદ ન આવતા કુદરતપણ જગતના તાતની પરીક્ષા લઈ હોય તેમ કાગડોળે રાહ જોવડાવી રહ્યો છે. ત્યારે જગતનો તાત પણ આકાશ તરફ મીટ માંડીને બેઠો છે. હવે નર્મદા પંથકના ખેડૂતો મેઘરાજાની રાહ જોઈ આકાશ સામે મીટ માંડી વરસાદની રાહ જોઇ રહ્યા છે.હવે ખેડૂતો વરુણ દેવને પ્રાર્થના કરી રહ્યા છે

વાવડી ના ખેડૂત પરેશભાઈ પટેલ જણાવે છે કેપાણીના અભાવે કેળના થડ વચ્ચેથી ભાંગી પડ્યાછે.લૂમનો કાચો માલ તૂટી પડતા ખેડૂતોને કેળના પાકમાં પણ મોટો ફટકોપડયો છે. આ સપ્તાહ મા વરસાદ નહી આવે તો ખેડૂતોને મોટુ નુકશાન થશે

ખેતીવાડી અધિકારીનિલેશ ભટ્ટના જણાવ્યા અનુસાર નર્મદા જિલ્લા મા હાલ ૭૫૦૫૧હેક્ટરમાં ખેડૂતોએ વાવેતર કરી દીધું છે. પહેલા વરસાદમા વાવેલું બિયારણ ઉગી તો નીકળ્યું છે. પણ આ સપ્તાહમાં વરસાદ નહીં આવે તો પાક બળી જવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે.હાલ નર્મદામા તાલુકા વાર વાવેતર ના આંકડા જોઈએ તો ડેડીયાપાડા તાલુકામાં ૨૪૨૯૬ હેકટર મા વાવેતર કર્યું છે તો ગરુડેશ્વર તાલુકામાં ૮૫૨૧હેકટર, નાંદોદ તાલુકામાં ૧૮૯૨૩ હેકટર, સાગબારા તાલુકામાં ૬૯૧૫હેકટર, અને તિલકવાડા તાલુકામાં ૧૬૩૯૬ હેકટર મા વાવેતર થયું છે પણ વરસાદ ખેંચાયો હોવાથી નર્મદામા ૭૫૦૫૧હેકટર ના વાવેતર પર ખતરો મંડાયો છે. ખેડૂતોએ મહામુલુ ખાતર બિયારણ લાવીને વાવણી કરી છે.પણ વરસાદના અભાવે આ પાક બળી જાય તો ખેડૂતોને લાખોનુ નુકશાન થવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે.

નર્મદા જિલ્લમાં ખેડૂતોએ ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, તુવેર, મગ, અડદ, તલ, સોયાબીન, કપાસ, શક્ભાજી અને ઘાસચારાનુ વાવેતર કરી દીધું છે. આ બધા પાક નષ્ટ થવાની ભીતિથી ખેડૂતો ચિંતિત છે.

બીજી તરફ નર્મદાના ડેમો અને જલાશયોમા પણ પાણી ખાસ નથીરહ્યું.સરદાર સરોવરમાં ૪૩ ટકા જ જળસંગ્રહ બચ્યો છે. સરદાર સરોવરમાં છેલ્લા એક મહિનામાં જળસપાટી ૯.૨૪ મીટર ઘટીગઈ છે.

હાલમાં સરદાર સરોવર ડેમની જળસપાટી ૧૧૩.૧૨ મીટર છે. પાંચ જુન ૨૦૨૦ એ સરદાર સરોવર ડેમની જળસપાટી ૧૨૨.૩૬ મીટર હતી.તો કરજણ ડેમ મા પણ પાણી નો જથ્થો કર્મશઃઘટી રહ્યો છે. હાલ કરજણ ડેમમાં માંડ ૪૪%પાણી છે. વરસાદ ના અભાવે ડેમો ભરાતા નથી.ત્યારે હવે ખેડૂતો કેનાલમાંથી સિંચાઈ માટે પાણી છોડવાની માંગ કરી રહ્યા છે

જિલ્લા ખેતીવાડી અધિકારી નિલેશ ભટ્ટે જણાવ્યું છે કે નર્મદામા જ્યાં બીન પીયત ખેતી થાય છે ત્યાં વરસાદ ખેંચાયો હોવાથી વાવેતરને નુકશાન થવાની શક્યતા છે. આ સપ્તાહમા ખેતીલાયક વરસાદ નહીં પડે તો વાવેતર નિષ્ફળ જશે

બીજી તરફ નર્મદામા વરસાદ ખેંચાયો હોવાથી કરજણ ડેમમાંથી કરજણ જલાશય યોજનાની ડાબા કાંઠા અને જમણા કાંઠાની કેનાલોમાં પાણી છોડવાની માંગ ઉઠી છે.

હાલ ખેડૂતો પોતાના પાકને બચાવવા મરણીયા પ્રયાસો કરી રહ્યા છે.

જ્યોતિ જગતાપ, રાજપીપલા

# હિંદુ જનજાગૃતિ સમિતિ તેમજ અન્ય હિંદૂતત્વનિષ્ઠ સંગઠનો વતીએ ઉમરગાવ જિલા મામલતદાર શ્રી. આર. આર.નાઘેરાને આવેદન દ્વારા માંગ

ઉમરગાવ - હમણાં કેટલાય સમયથી ઉમરગામ તાલુકાના દરિયાકિનારાના ગામોમાં ધર્માંતરણની પ્રવૃતિમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. હમણાંજ ઉમરગામના મરોલી ગામના હિંદુ સમાજના એક કુટુંબના બધા સભ્યોએ સામુહિક ધર્માંતરણ કર્યું. જેની માહિતી સામાજિક માધ્યમોદ્વારા પ્રસારિત થઈ અને સ્થાનિક સમાચારપત્રોમાં પણ આ સમાચાર પ્રસિદ્ધ થયા છે. મરોલીમાં થતું હિન્દુઓનું ધર્માંતરણ રોકાવવા માટે શાસન વેલી તકે કાર્યવાહી કરે. તેમજ મરોલીમાં થયેલા આ અયોગ્ય પ્રકાર માટે જે પણ લોકો જબાબદાર છે તેમનાંપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. એવી માંગ હિંદુ જનજાગૃતિ સમિતિ વતીએ મામલતદાર શ્રી. આર. આર. નાઘેરા ને આવેદન દ્વારા કરવામાં આવી. ૯ જુલાઈ એ મામલતદારશ્રી ને આવેદન આપતી વખતે મરોલી બારી સમાજ ના પ્રમુખ શ્રી. હરેશભાઈ બારી, હિંદુ જનજાગૃતિ સમિતિ ના શ્રી. સંતોષ આળષી અને બીજા કાર્યકર્તા, સનાતન સંસ્થાના સાધક, હિંદુ યુવા મંચ ના અધ્યક્ષ શ્રી. લક્ષ્મણ ગોમતિવાલ અને ઉપાધ્યક્ષ શ્રી. મનોજ ઝા, શિવ-શક્તિ સહયોગ સેવાશ્રમના શ્રી. લક્ષ્મણ ગોમતિવાલ ઉપસ્થિત હતાં.

'ધ ગુજરાત ફ્રીડમ ઓફ રિલીજિયન એક્ટ ૨૦૦૩' ના મુજબ ધર્માંતરણ કરવું એ ગુનો છે. હાલમાં ૧૫મી જૂનથી આ કાયદાને વધારે સશક્ત બનાવવામાં આવ્યો છે. ગુજરાતનાં આ કાયદા હેઠળ, ધર્માંતરણ કારવાવાળા કોઈ પણ વ્યક્તિ ને પેહલા વલસાડ જિલા પ્રશાસન ની પૂર્વાનુમતી લેવી જરૂરી છે. તેવું પરિપત્ર જિલા પ્રશાસન દ્વારા કાઢવામાં આવે, જેથી જિલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણ ટકી રહે. તેમજ વધતા જતા ધર્માંતરણને રોકવા માટે સમગ્ર રાષ્ટ્રમાં ધર્માંતરણ વિરોધી કાયદો લાગુ કરવામાં આવે. તેવી માંગ મામલતદારશ્રી ને આપેલાં આવેદનમાં હિંદુ જનજાગૃતિ સમિતિ અને સમસ્ત હિંદૂતત્વનિષ્ઠ વતીએ કરવામાં આવી.

# રાજપીપલા ખાતે જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સાંસદ મનસુખભાઇ વસાવા સહિતના મહાનુભાવોના હસ્તે ૨ લાભાર્થી બાળકોને પ્રતિક રૂપે કિટ્સ અને ઓનલાઇન પેમેન્ટના મંજૂરીપત્રો કરાયાં એનાયત

**કોરોના મહામારી દરમિયાન કોરોનાને લીધે ૧૮ વર્ષ સુધીની વયના જે બાળકોએ માતા-પિતા બંન્નેની છત્રછાયા ગુમાવી હોય તેવા બાળકના ખાતામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના થકી દર મહિને રૂા.૪ હજારની સહાય જમા થશે**

રાજપીપલા,તા ૦૯

કોરોનાએ કોઈને છોડ્યા નથી.કોરોનમાં લાખો લોકોએ પોતાના જાન ગુમાવ્યા. કોઈ નો લાડકવાયો ગુમાવ્યો, તો કોઈ ના માતા, પિતા, ભાઈ, બહેન, પતિ, પત્ની ગુમાવ્યા, તો કેટલાકનો આખો પરિવાર કોરોના ભરખીગયો. જેનું પરિવાર જન જાય એનું દુઃખ અસહ્ય હોય છે ત્યારે ગુજરાત સરકારે કોરોના મા જેણે માતા પિતા ગુમાવ્યા હોય એવા બાળકો માટે ૧૮ વર્ષ પુર્ણ કરે ત્યાં સુધી દર માસે બાળક દીઠ રૂપિયા ૪,૦૦૦/- ની સહાય આપવાની યોજનાઅમલી બનાવી છે.જે અંતર્ગત રાજપીપલા ખાતે અધિક કલેકટર ના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં આવા બાળકોને શોધીને યોજનાનો લાભ આપવાનું નક્કી થયું હતું તે અંતર્ગત નર્મદા જિલ્લામા કોરોનાને લીધે માતા-પિતા ગુમાવનાર અનાથ ૧૨ બાળકોને શોધી કઢાયા હતા. અને તેમને રાજપીપલા ખાતે જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સાંસદ મનસુખભાઇ વસાવા સહિતના મહાનુભાવોના હસ્તે ૨ લાભાર્થી બાળકોને પ્રતિક રૂપે કિટ્સ અને ઓનલાઇન પેમેન્ટના મંજૂરીપત્રો એનાયતકરાયા હતા

ગુજરાતમાં માર્ચ-૨૦૨૦થી કોવિડ-૧૯ ની મહામારીના સમયગાળા દરમિયાન કોરોનાને લીધે જે બાળકે પોતાના બંને માતા-પિતા ગુમાવ્યા હોય તેવા કુલ-૧૨ જેટલા અનાથ બાળકોને જિલ્લા પ્રશાસન તરફથી શોધી કાઢવામાં આવ્યા છે. ભારત સરકારના નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) દ્વારા આ બાળકોની બાળ સ્વરાજ પોર્ટલ ઉપર કરવાની થતી ઓનલાઈન એન્ટ્રી પણ જિલ્લા પ્રશાસન દ્વારા કરવામાં આવી હતી.

જે અનુસંધાને રાજપીપલા કલેક્ટર કચેરી ખાતે જિલ્લાકક્ષાના યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ મનસુખભાઇ વસાવા, જિલ્લા કલેકટર ડી.એ.શાહ સહિતના મહાનુભાવોના હસ્તે નર્મદા જિલ્લાના ૨ લાભાર્થી બાળકોને પ્રતિક રૂપે કિટ્સ સહિત ઓનલાઇન પેમેન્ટના મંજૂરી હુકમો એનાયત કરીને પ્રોત્સાહિત કરાયાં હતાં. નર્મદા જિલ્લામાં હાલમાં કુલ-૧૨ જેટલાં બાળકોને આ યોજનાનો લાભ અપાશે.

સાંસદ મનસુખભાઇ વસાવા અને જિલ્લા કલેક્ટર ડી.એ.શાહે બાળકો સાથે આવેલા તેમના પાલક વાલી સાથે પણ સંવેદનાસભર સંવાદ કરી બાળકના માતા પિતા વિશે પૃચ્છા કરી હતી.

આ પ્રસંગે સાંસદ મનસુખભાઇ વસાવાએ જણાવ્યુ હતું કે, ગુજરાતમાં કોરોના મહામારી દરમિયાન જે બાળકોએ માતા-પિતા બંન્નેની છત્રછાયા ગુમાવી હોય તેવા બાળકોને ગુજરાતની સંવેદનશીલ સરકાર દ્વારા મુખ્યમંત્રી બાળ સેવા યોજના થકી દરેક બાળકના ખાતામાં દર મહિને રૂા.૪ હજાર જમા થશે. નર્મદા જિલ્લામાં એવા ૧૨ બાળકોની જિલ્લા વહિવટીતંત્રએ શોધખોળ કરી છે તેવા ૧૨ જેટલાં બાળકોને આ યોજનાનો લાભ મળશે.

વસાવાએ વધુમાં ઉમેર્યુ હતું કે, આજે એક બાળક અને એક બાળકી એમ બે બાળકોને કલેક્ટર ઓફિસમાં આ સહાયનો લાભ આપવામાં આવ્યો છે. બાકીના ૧૦ જેટલાં બાળકોને પણ આનો પૂરેપુરો લાભ મળશે. ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને આ કાર્ય બદલ ખૂબ ખૂબ અભિનંદન આપતા તેમણે કહ્યું હતું કે, ગરીબો માટે કામ કરનારી આ સંવેદનશીલ સરકાર છે. કોરોના મહામારી દરમિયાન જેમણે માતા-પિતા ગુમાવ્યા હોય તેવા લોકોની પણ આ સરકારે ચિંતા કરીને આ બાળકોનો આધાર બનવાનો સેવાયજ્ઞ આ રાજ્ય સરકારે આદર્યો છે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી ગાંધીનગર ખાતેથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઇ પરમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન, કમિશ્નર દિલીપ રાણા, સમાજ સુરક્ષા વિભાગના નિયામક જી.એન.નાચીયા વગેરેની ઉપસ્થિતિમાં વિડીયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં કોવિડ-૧૯ ની મહામારી દરમિયાન માતા-પિતાનું અવસાન થતાં નિરાધાર બનેલા રાજ્યભરના ૭૭૬ જેટલાં બાળકોને દરમહિને રૂા. ૪ હજારની સહાય યોજના અન્વયે ૩૧ લાખ ૪ હજાર રૂપિયા બાળકોના ખાતામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત ઓનલાઈન પેમેન્ટ થકી જમા કરાવ્યાં હતાં, જેમાં નર્મદા જિલ્લા કલેકટર કચેરી ખાતે ભરૂચનાસાંસદ મનસુખભાઇ વસાવા, જિલ્લા કલેકટર ડી.એ.શાહ, સમાજ સુરક્ષા અધિકારી સુશ્રી પી.એફ.ખોજા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચેતનભાઇ પરમાર અને લાભાર્થી બાળકો અને તેમના પાલક વાલીઓ



વગેરે પણ આ કાર્યક્રમમાં જોડાઈને તેમાં સહભાગી બન્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ×મુખ્યમંત્રી બાળ સેવા યોજના×ના લાભો મેળવવા માટેની પાત્રતા જોઈએ તો ૦ થી ૧૮ વર્ષ સુધીની વયજુથના બાળકોના માતા અને પિતા બન્નેનું કોરોના સમયગાળા દરમિયાન અવસાન થયુ હોય તેવા બાળકોને, કોરોનાના સમયગાળા અગાઉ જે બાળકના માતા-પિતા બન્નેનું અવસાન થયુ હોય તે બાળકના પાલક માતા / પિતા પણ જો આ કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામ્યા હોય તો તેવા ફરીથી અનાથ બનેલ બાળકને, જે બાળકના એક વાલી (માતા કે પિતા) કોરોનાના સમયગાળા અગાઉ અવસાન પામેલ હોય અને બીજા વાલી (માતા કે પિતા) કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામે તો તેવા કેસમાં પણ નિરાધાર થયેલ બાળકોને આ યોજનાનો લાભ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય મળવાપાત્ર થશે.

તદ્અનુસાર આ યોજના હેઠળ બાળક ૧૮ વર્ષ પુર્ણ કરે ત્યાં સુધી દર માસે બાળક દીઠ રૂપિયા ૪,૦૦૦/- (બાળક જે માસમાં અનાથ થયેલ હોય તે માસથી સહાય મળવા પાત્ર થશે.), ૧૮ વર્ષ પુર્ણ કર્યા પછી જે બાળકનો અભ્યાસ ચાલુ હોય તેને રાજ્ય સરકારની "આફટર કેર યોજના"નો લાભ ૨૧ વર્ષની ઉંમર સુધી મળવા પાત્ર થશે, ૨૧ વર્ષ પુર્ણ કર્યા બાદ પણ જે યુવક / યુવતીઓએ માન્ય અભ્યાસ ચાલુ રાખેલ હશે તો તેમને અભ્યાસ પૂર્ણ થાય અથવા ૨૪ વર્ષની ઉંમર પુરી થાય-એ બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી તેમને "આફટર કેર યોજના" હેઠળ લાભ આપવામાં આવશે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૬ પદ્ય, રચના
વિષય : " ધર્મ - અધર્મ ' " દરકાર - બેદરકાર " વિષયક..રચનાઓ દિવસ - ૫

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક તેમજ એડમિન ટીમ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ(પ્રતિભાવ એંકર), પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંદોટ,અરૂણાબેન ત્રિવેદી
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS NO -0037
વિષય - ધર્મ,અધર્મ....
વિભાગ - પદ્ય.
શીર્ષક - ધર્મ કર્મનું બંધન.

ધર્મના પાયા ઉપર સૃષ્ટી સર્જનહારની,
ધર્મ ઈશનું અદ્રશ્ય સ્વરૂપ..!
ધર્મ અધર્મ વચ્ચે જિંદગીની કસોટી,
માનવ ગુચવાય રહ્યો...!
ધર્મ માનવનું સાચું ઘરેણું,
સત્ કર્મનું ભાથું જ સંગ આવવાનું...!
ધર્મ આત્માનો ઉજવાસ,
અધર્મ અંધકારની ઊંડી ખીણ..!
ધર્મ ઈશ સાથેનું જોડાણ,
અધર્મ, ભટકાવે ભવો ભવ...!
કર્મ કર્યા પછીની શાંતિ ધર્મ,
કર્મ કર્યા પછીની અશાંતિ અધર્મ...!
ધર્મની સુવાસ ત્રિલોકમાં પ્રસરે,
અધર્મ, આપણા જ આપણને ડંખે...!
દયા,પ્રેમ,કરુણા,સત્ય, નિસ્વાર્થભાવે,
ધર્મના,હજાર હાથ....!
માનવે સ્થાપ્યાં,ધર્મ અનેક,
માનવતા એ જ પરમ ધર્મ...!
માનવ મહીસાગરમાં,
ધર્મી તર્યા, અધર્મી ડૂબ્યાં...!
સુખનું સરનામું, ધર્મની રાહ,
દુ:ખનું દ્વાર અધર્મની ચાહ...!

હેમલતા દિવેચા.

---

NOG SS.NO- 0099
વિષય: ધર્મ-અધર્મ
પ્રકાર: પદ્ય(કાવ્ય)
શીર્ષક: કેમ?

કાલ સુધી અધર્મની ,
ખાડીમાં ગરકાવ રહ્યો,
આજે અચાનક ધર્મના ,
પર્વત પર કેમ ચડે છે?
કાલ સુધી તુજમાં ,
ગુનાખોરીનું રાક્ષસી જોર હતું,
આજે સત્યનાં માર્ગ પર ,
ચાલતાં કેમ પડે છે?
કાલ સુધી અભિમાનનું ,
હાસ્ય તવ મુખે હતું,
આજે 'સ્વ'ને ઓળખીને ,
પછી કેમ રડે છે?
કાલ સુધી લંપટ સાથીદારોનો ,
તું મિત્ર હતો,
આજે સુધરીને સંજોગો ,
સાથે કેમ લડે છે?
કાલ સુધી દુનિયાની ,
આંખમાં ધૂળ નાખતો હતો,
આજે તારી આંખને દુનિયાની ,
શરમ કેમ નડે છે?

ભાવના મિસ્ત્રી 'અભય',વલસાડ

---

NOG SS No. 0076
વિષય :- દરકાર -બેદરકાર
શીર્ષક :- અનગાર કર...
પ્રકાર :- પદ્ય

ગઝલ
આ પ્રેમની વાતો છે તો પુરવાર કર,
સ્નેહીજનોની ખાસ તું દરકાર કર,
બે ચાર જો આવી મુસીબત, શું થયું?
પંથે પ્રણયનાં તેજ તું રફતાર કર,
કર સાદ સામો પ્રીતમાં છોડી શરમ,
દિલ હોય જો ઘાયલ, છતાં લલકાર કર,
દસ-બાર સાથે ચાલવામાં શું ગજું?
ભર હામ હૈયામાં અને વણજાર કર,
છે ખુબ લાંબી આ સફર પણ 'યાદ'ની,
બસ જોશ જો અકબંધ છે અનગાર કર.

પારૂલ ઠક્કર "યાદ",ભાવનગર.

---

NOG SS No. : 0034
વિભાગ : પદ્ય
વિષય : ધર્મ-અધર્મ /દરકાર- બેદરકાર
શીર્ષક : કો'ક તો બોલે!

કો'ક તો બોલે,
ધર્મ-અધર્મનો ભેદ તો ખોલે!
મદિરા ને જુગટુ હો અધર્મ તો,
રાજકુમારો ભરી સભામાં કાં શતરંજ ખેલે!
કો'ક તો બોલે!
નારી હો પૂજનીય, છે સંસ્કૃતિ,
થાય અગ્નિપરીક્ષા નારીની,
ચીરહરણ નારીનું,
સંસ્કારોને કયા ત્રાજવામાં જગ તોલે!
કો'ક તો બોલે!
તનયા જન્મે નારી દોષિત,
સુત ઉજાળે વંશ જ,
સંતાન બેય નારી કૂખનાં,
નારી ક્યારેય મુખેથી ન બોલે!
કો'ક તો બોલે!
નારી વિના નર અધૂરો,
નારી લક્ષ્મી, સરસ્વતી, અન્નપૂર્ણા,
ન આવે કોઈ નારીની તોલે,
કો'ક તો બોલે!
નર એટલે ધર્મ,
નારી એટલે અધર્મ!
પરિભાષા આવી નારીની આત્માને છોલે,
કો'ક તો બોલે!
ધર્મ અને રિવાજોને નામે,
માતૃત્વ ને સંસ્કારોને નામે,
સંસાર કાં નારીને આમ ઠોલે!
કો'ક તો હવે બોલે!

-- ડો. રેખા શાહ

---

NOG SS NO- 0088
વિષય શબ્દ- દરકાર - બેદરકાર, ધર્મ - અધર્મ
પ્રકાર- પદ્ય
શીર્ષક- માનવધર્મ

ઓહ! કુદરત આ તેં શી કરી કારીગરી?
મોલ- અણમોલ સાધનને મહાસત્તાઓ પાંગળી બની..
અણું -પરમાણુંથી વિનાશ વેર્યો ઊડીને ઊંચે આકાશે..
અઘધ સાહ્યબીને ટેક્નોલોજી હાથવગી તેં રાખી..
ધમધમ ચાલી ધરતી ગજાવી, પાતાળ નાંખ્યાં ખોદી..
વિકસિત બન્યોને સઘળી ધરતીનાં ખૂણા નાખ્યા શોધી..
દરિયો ડહોળ્યો, જંગલ કાપ્યાં ને રહ્યો આલીશાન મહેલે..
પાતાળેથી ખેચ્યાં અમૃત ને માનાં કીધાં વક્ષસ્થળ ખાલી..
હરિયાળીનાં ખોળે વસતાં પશુપક્ષીનો બન્યો કાળ સદાથી..
તારા પાપોને છાનાં રાખી મા આંસુ સારે અતિઘણી..
ક્રૂર બન્યો, સ્વાર્થી બન્યો તું માનવધર્મ ભૂલ્યો હતભાગી..
માનવતા ચૂક્યો માનવી લે હવે, લાવીશ ક્યાંથી ' મા ' નવી...
લોક કહે આ મહારોગ આવ્યો ને મહામારી છે ભારી! હવે તો સુધર, પ્રલય નહીં મહાપ્રલય થાશે રોગોને ભોગોથી...

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા ગૃપ
વિષય : ધર્મ-અધર્મ, દરકાર-બેદરકાર
શીર્ષક : દરકાર
પ્રકાર : પદ્ય
NG0052

છો કરે નહી કોઈ દરકાર તારી ,
બસ ચાલ્યો જા રફતારમાં તારી ,
અહીં ક્યાં કદી કોઈને દરકાર તારી ,
આ તો જમાનો , કરવાનો મારી તારી ,
વાતો કરવા કરે , સહુ અહીં સારી સારી ,
સંગા શું ? સંબંધી શું ? પારકા શું ?
સંબંધોની ભરમાર , ભારી ,
છો ન કરે કોઈ દરકાર તારી ,
બસ ચાલ્યો જા રફતારમાં તારી.

સંજય તરબદા 'સાંજ',વડોદરા,

## એક રમતીયાળ કવિતા

-નથી રમાતી આઈસ-પાઈસ,કે
નથી રમાતો હવે થપ્પો,
એક બીલાડી જાડી હવે,
નથી પહેરતી સાડી,
બચપન આખું મોબાઈલ રમે.....
નથી કહેવાતી કોઈ વારતા,
નથી વેરાતાં બોખા વહાલ,
દાદા કરે ફેસબુક અને
દાદી યુ-ટ્યુબમાં ગુલતાન!
બચપન આખું મોબાઈલ રમે...
મમ્મી હવે ક્યાં રાંધે છે,
બાઈની રસોઈનો છે સ્વાદ,
પપ્પા પણ સદાય ઘાંઘા થૈ,
આપે લાઈક અને આપે દાદ!
બચપન આખું મોબાઈલ રમે....
કન્યા વ્યસ્ત છે સેલ્ફીમાં,
વરરાજા પણ બહુ વ્યસ્ત,
વિધી વિધાનની ઐસીતૈસી,
સૌ સૌમાં છે બસ મસ્ત!
બચપન આખું મોબાઈલ રમે....
બધા કરે ગુટુર-ગુ હવે,
વોટ્સએપના સથવારે,
કવિઓ પણ જો ને ચઢી ગયા,
ફેસબુકના રવાડે,
બચપન આખું મોબાઈલ રમે...
ડીજીટલ અમે હસીએ હવે,
ડીજીટલ અમારું રુદન,
લાગણીઓ અંગુઠે વ્યક્ત થાય,
એવા થયા બધા સંબંધ!
બચપન આખું મોબાઈલ રમે...
પાંચ ઈંચના સ્ક્રીનમાં
બધું સુખ જઈને સમાયું,
આ રમકડું આમ રમવામાં,
પોતીકું સ્વજન ભૂલાયું!
બચપન આખું મોબાઈલ રમે...
લોકો ભલે ને ગમે તે કહે,
અમને બહુ મજા આવે છે,
જબરું થયું હવે તો જગમાં,
માણસ કરતાં મોબાઈલ વધુ ફાવે છે!
બચપન આખું મોબાઈલ રમે....

## વરસાદ ખેંચાતા રાજ્ય ના જલાશયોમા પાણી નો જથ્થો ઘટ્યો

રાજપીપલા, તા ૯

વરસાદ ખેંચાતા રાજ્ય ના જલાશયોમા પાણી નો જથ્થો ઘટ્યોછે.રાજયના ૨૦૬ જળાશયોમાં ૩૯ ટકા જળસંગ્રહ છે.. ૬૫ જળાશયોમાં ૧૦ ટકાથી ઓછુ પાણી છે. જયારે ૧૧૮ જળાશયોમાં ૨૫ ટકાથી પણ ઓછુ પાણી બચ્યું છે.

સરદાર સરોવરમાં ૪૩ ટકા જળસંગ્રહ છે. સરદાર સરોવરમાં છેલ્લા એક મહિનામાં જળસપાટી ૯.૨૪ મીટર ઘટી છે.હાલમાં સરદાર સરોવર ડેમની જળસપાટી ૧૧૩.૧૨ મીટર છે. પાંચ જુન ૨૦૨૦ એ સરદાર સરોવર ડેમની જળસપાટી ૧૨૨.૩૬ મીટર હતી.

રાજ્યના છ જળાશયોમાં જ ૮૦ ટકાથી વધારે પાણી છે. ઉત્તર ગુજરાત અને કચ્છમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ છે. મધ્ય ગુજરાતમાં ૪૪ ટકાથી વધારે જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૪૦ ટકા પાણી છે. સૌરાષ્ટ્રમાં ૩૧ ટકા જળસંગ્રહ છે. સૌથી ઓછો જળસંગ્રહ ધરાવતા જિલ્લાઓમાં બનાસકાંઠામાં સાત ટકા, ખેડામાં ચાર ટકા, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨.૫૪ ટકા જળસંગ્રહ છે. ગત વર્ષે ત્રણ જુલાઈ સુધી ૪૫.૬૭ ટકા જળસંગ્રહ હતો. વાવણી બાદ મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતામાં છે. જો એક સપ્તાહમાં સારો વરસાદ ન પડે તો પાક નિષ્ફળ જવાનો પણ ભય છે.

છેલ્લા ૩૦ વર્ષમાં સૌથી વધારે ૫૦ ઈંચ વરસાદ ૧૯૯૪ માં જયારે સૌથી ઓછો ૧૮ ઈંચ વરસાદ વર્ષ ૨૦૦૦ માં થયો હતો. ૨૦૨૦ માં કુલ વરસાદના ૫૮ ટકા વરસાદ એકલા ઓગસ્ટ મહિનામાં જ વરસ્યો હતો. તો ૨૦૦૫, ૨૦૦૬ અને ૨૦૦૭ એમ સતત ત્રણ વર્ષ સતત ૪૦ ઈંચથી વધારે વરસાદ થયો હતો.

રાજ્યના ખેડૂતો માટે આવ્યા છે માઠા સમાચાર. સારા વરસાદ માટે લોકોએ હજુ વધુ રાહ જોવી પડશે. કારણ કે રાજ્યમાં હજુ પાંચ દિવસ વરસાદની ખાસ સંભાવના નથી. હવમાન વિભાગે આગાહી કરી છે કે, ૫, ૬ અને ૭ જુલાઈએ દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદ પડી શકે છે.૮ અને ૯ જુલાઈએ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાદની પડી શકે છે. ગુજરાતમાં હાલ ૩૬% વરસાદની ઘટ છે. જેમાં સૌથી વધુ ઘટ સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં જોવા મળી રહી છે. પરંતુ તે સામાન્ય વરસાદથી દૂર થઈ શકે તેમ નથી.

જ્યોતિ જગતાપ, રાજપીપલા

## માતા પિતાઓને નમ્ર વિનંતી

ફક્ત ૧૫ મિનીટનો સમય કાઢીને તમારા બાળકોને નીચે લખેલી વાતો વાંચી સંભળાવો: બની શકે છે કે તેનાથી તેમનું જીવન બદલાઇ જાય: રતન ટાટાની અમૂલ્ય શિખામણ જે વિદ્યાર્થીઓને શીખવવામાં નથી આવતી

રતન ટાટાએ એક શાળામાં ભાષણ દરમ્યાન ૧૦ વાતો જણાવી હતી જે વિદ્યાર્થીઓને નથી શિખવવામાં આવતી.

૧. જીવનમાં ઉતાર ચઢાવ આવતા જ હોય છે તેની આદત પાડો. ૨. લોકોને તમારા સ્વાભિમાનની નથી પડી હોતી. પહેલા તેના માટે પોતાને સાબિત કરો. ૩. કોલેજનો અભ્યાસ પુરો થાય એટલે ૫ આંકડાના પગારનું ના વિચારો, એક રાતમાં કોઇ વાઇસ પ્રેસીડેન્ટ ન બની શકે, તેના માટે સખત મહેનત કરવી પડે. ૪. અત્યારે તમને તમારા શિક્ષક કડક અને ભયાનક લાગતા હશે કેમ કે બોસ નામના પ્રાણીનો તમને પરિચય નથી થયો. ૫. તમારી ભૂલ, હાર વગેરે ફક્ત ને ફક્ત તમારા જ છે તેના માટે બીજાને દોષ ન આપો. ભૂલમાંથી શીખીને આગળ વધો. ૬. તમને અત્યારે જેટલા નિરસ અને



કંટાળાજનક તમારા માતા પિતા લાગે છે એટલા તે તમારા જન્મ પહેલા નહોતા. તમારૂં પાલન પોષણ કરવામાં તેમણે એટલું કષ્ટ ઉઠાવ્યું કે તેમનો સ્વભાવ બદલાઇ ગયો. ૭. કોન્સોલેશન પ્રાઇઝ ફક્ત શાળાઓમાં જ જોવા મળશે. બહારની દુનિયામાં હારવા વાળાને મોકો નથી મળતો. ૮. જીવનની શાળામાં ધોરણ અને વર્ગ નથી હોતા અને ત્યાં મહીનાનું વેકેશન પણ નહીં મળે. ત્યાં તમને કોઇ શિખવાડવા વાળું પણ નહીં હોય, જે કંઇ કરવાનું હશે તે જાતે જ કરવું પડશે. ૯. ટીવીમાં દર્શાવાતું જીવન સાચું નથી હોતું અને જીવન ટીવીની સીરીયલ નથી. જીવનમાં આરામ નથી હોતો. ત્યાં ફક્ત કામ, કામ અને કામ જ હોય છે. તમે ક્યારેય વિચાર્યું છે કે લક્ઝરી કલાસની કાર (જેગ્વાર, હમ્મર, બીએમડબલ્યુ, ઓડી, ફેરારી) જેવી કારની જાહેરાત ટીવી પર કેમ નથી આવતી? કારણ કે તે કાર બનાવતી કંપનીઓને ખબર છે કે આવી કાર લેનાર વ્યક્તિ પાસે ટીવી સામે બેસવાનો ફાલતુ સમય નથી હોતો. ૧૦. સતત ભણતા અને સખત મહેનત કરતા પોતાના મિત્રોની મશ્કરી ન કરો, એક સમય એવો આવશે કે તમારે તેના હાથ નીચે કામ કરવું પડે.

### વીદેશી દારૂની ખેપ યથાવત

## શામળાજી પોલીસે સ્કોડા કાર માંથી ૭૩૫ બોટલ અને મેઘરજ પોલીસે એક્સસેન્ટ કાર માંથી ૬૬૦ બોટલ ઝડપી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ બુટલેગરો પર તવાઈ બોલાવતા બે ત્રણ દિવસ દારૂની ખેપ બંધ કર્યા પછી ફરીથી બુટલેગરો લકઝુરીયસ કારમાં વિદેશી દારૂની ખેપ મારવાની શરૂ કરતા પોલીસે બુટલેગરોના કીમિયા પર પાણી ફેરવી દીધું હતું શામળાજી પોલીસે અણસોલ નજીક સ્કોડા કારમાંથી ૧.૮૩ લાખથી વધુનો દારૂ સાથે બે હરીયાણાના બે ખેપીયાને દબોચી લીધા હતા મેઘરજ પોલીસે ઉંડવા ચેકપોસ્ટ પરથી હુન્ડાઈ એકસેન્ટ કારમાંથી ૧.૩૮ લાખથી વધુનો દારૂ સાથે અમદાવાદ નરોડાના બંસીની ચાલીમાં રહેતા કમલેશ રામજીલાલ શર્મા નામના બુટલેગરને દબોચી લીધો હતો

શામળાજી પીએસઆઈ આશીષ પટેલ અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ પરથી પસાર થતી મહારાષ્ટ્ર પાસીંગની કારને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૭૫ કી.રૂ.૧૮૩૦૫૦/- નો જથ્થો જપ્ત કરી હરીયાણાના નસીબ કર્મબીર નાયક અને સોનુ જગદીશ નાયકને દબોચી લઈ દારૂ,કાર,મોબાઈલ મળી કુલ રૂ.૩૮૪૫૫૦/-નો મુદ્દામાલ કબ્જે કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા પોલીસે બંને ખેપિયાની પૂછપરછ કરતા કારમાં વિદેશી દારૂ હરિયાણાના અમીત ઉર્ફે લલીત હુડા અને દારૂ મંગાવનાર વડોદરાના રામુ નામના બુટલેગર સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મેઘરજ પીઆઈ એમ.ડી.પંચાલે અને તેમની ટીમે ઉંડવા ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતા અમદાવાદ અશોકમીલ બંસી ચાલીમાં રહેતો કમલેશ રામજીલાલ શર્મા નામના બુટલેગરની એકસેન્ટ કારમાંથી વીદેશી દારૂ બોટલ નંગ-૬૬૦ કી.રૂ.૧૩૮૪૨૦/- ના જથ્થા સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દિધો હતો મેઘરજ પોલીસે ૫.૪૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કારમાં વિદેશી દારૂ ભરી આપનાર મોબાઈલ ધારક અજાણ્યા બુટલેગર સામે ગૂન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## મુખ્યમંત્રી બાળ સેવા યોજના' હેઠળ બાળકો ને રૂ. ૪,૦૦૦ની સહાય આપવામાં આવશે

મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણીએ કોરોનામાં માતા પિતાની છત્ર છાયા ગુમાવતા અનાથ અને નિરાધાર બનેલા બાળકો સાથે ગાંધીનગરમાં યોજાયેલા 'મોકળા મને' સંવાદ કાર્યક્રમમાં સંવેદનશીલ જાહેરાત કરી છે. તેમણે આ મહત્વપૂર્ણ સંવેદનશીલ જાહેરાત કરતા કહ્યું છે કે મુખ્યમંત્રી બાળ સેવા યોજના' હેઠળ હવે બાળકો ને ૨૧ વર્ષની વય સુધી માસિક રૂ. ૪,૦૦૦ની સહાય આપવામાં આવશે . આ યોજનામાં વય મર્યાદા અગાઉ ૧૮ વર્ષની હતી તે વધારીને હવે ૨૧ વર્ષની કરવામાં આવી છે.

એટલે કે કોરોના માં માતા પિતાનું અવસાન થતા નિરાધાર થયેલા બાળક ની વય ૨૧ વર્ષ થતા સુધી રાજ્ય સરકાર દર મહિને ૪૦૦૦ ની સહાય આવા બાળક ને આપશે

## ધોળી ડુંગરી પર અપાયેલ લીઝ ખાણખનીજ વિભાગનો ભ્રષ્ટાચારનો આક્ષેપ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા ધોલીયા ગામે ઐતિહાસિક ધોળીડુંગરી અને ગૌચર જમીન ઉપર મંજૂર કરાયેલી લીઝ સામે ગ્રામજનોમાં ભારે વિરોધ ઉઠયો છે ૫૦ થી વધુ પરિવારોએ લીઝ રદ કરવામાં આવેની માંગ સાથે બે દિવસથી આંદોલન શરૂ કર્યું છે ધોલીયા ગામના લોકોનું ગૌચર બચાવો આંદોલન હવે રાજકીય રંગ પકડી રહ્યું છે આંદોલન પર બેઠેલા ગ્રામજનોના સમર્થનમાં સીપીએમ આવ્યું હતું અને તાત્કાલિક ધોરણે ખનન અટકાવવામાં આવેની માંગ કરી હતી તેમજ ખાણખનીજ વિભાગે ભારે ભ્રષ્ટાચાર આદરી લીઝને મંજૂરી આપવામાં આવી હોવાનો આક્ષેપ સીપીએમના અગ્રણી ડાહ્યાભાઈ જાદવે કર્યો હતો

ધોલીયા ગામે ગૌચર અને ધોળી ડુંગરી પર લીઝ મંજુર થતા ભારે વિરોધ ઉઠ્યો છે અને ગામલોકોએ લીઝ રદ કરવા આંદોલનનો માર્ગ અપનાવ્યો છે અને ૫૦ થી વધુ પરિવારો ધોળી ડુંગરી અને ગૌચરમાં વિવિધ વિરોધ પ્રદર્શન કરતા બેનરો સાથે તંત્ર સામે આંદોલન શરૂ કરતા શુક્રવારે ગ્રામજનોના સમર્થનમાં સીપીએમના કાર્યકર્તાઓ પહોંચ્યા હતા અને આંદોલનમાં ગ્રામજનો સાથે ખભેખભા મીલાવી સહકાર આપવા અને ખનન અટકાવવાની હૈયાધારણા આપી હતી

સીપીએમ અગ્રણી ડાહ્યા ભાઈ જાદવના જણાવ્યા અનુસાર, ખાણખનીજ વિભાગે લીઝ આપવામાં ભારે ભ્રષ્ટાચાર આદર્યો હોવાનો આક્ષેપ કરી લીઝ ધારક પથ્થરોના ખોદકામથી ઐતિહાસિક ધોળીડુંગળી કે જેના નામથી આ ગામની ઓળખ છે. તેના અસ્તિત્વ સામે ખતરો તોળાઈ રહયો હોવાનું અને આ સ્થળે આવેલ મંદિરો અને આસપાસના ખેતરોને આ ખનન કામગીરીથી ભારે નુકશાન પહોંચી રહયું છે .



# પાટણ ના ત્રિસ્તુતિક જૈન ઉપાશ્રયમાં ત્રિદિવસીય ભક્તિ મહોત્સવ ઉજવાયો



પાટણ ના ત્રિસ્તુતિક જૈન ઉપાશ્રય માં જૈનાચાર્ય રાષ્ટ્રસંત ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય જયન્તસેન સૂરીશ્વરજી મહારાજા ના શિષ્ય મુનિરાજ શ્રી ચારિત્રરત્ન વિજયજી મહારાજ અને મુનિરાજ શ્રી નિપુણરત્ન વિજયજી મહારાજ આદિ ઠાણા ૩૪ ની પાવન નિશ્રામાં માં ત્રિસ્તુતિક જૈન સંઘ પાટણ દ્વારા ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી, આ પ્રસંગે વારાહી ના શાન્તિનાથ ભગવાન ની ઉપાશ્રય માં પાવન પધરામણી કરવા માં આવી, મહોત્સવ દરમિયાન રોજ સવારે અનેક દુર્લભ ઔષધિ ને શુદ્ધ પાણી માં પલાળી તેનાથી ભગવાન શાન્તિનાથ ના અભિષેક થી કાર્યક્રમ નો પ્રારંભ કરવામાં આવતો ને દિવસ દરમિયાન પુજા અર્ચના જાપ ભક્તિ સહિત અનેક કાર્યક્રમો યોજાવા આવતા હતા, પરમાત્મા ને બિરાજમાન કરવા માટે ઉપાશ્રય માં ભવ્ય આકર્ષક મંડપ બનાવી ને રંગબેરંગી ફુલ નું ડેકોરેશન તેમજ રંગોળી થી સજાવવામાં આવ્યો હતો, મહોત્સવ ના દરેક દિવસે અલગ અલગ સંગીતકાર દ્વારા સંગીત ના વિભિન્ન રાગો માં ભગવાન ની ભક્તિ યોજાઈ, કાર્યક્રમ નું આયોજન કોવીડ ની ગાઈડ લાઈન મુજબ મર્યાદિત સંખ્યામાં લોકો ને ઉપસ્થિત રાખી ને કરવામાં આવ્યું, મહોત્સવ દરમિયાન નગરપાલિકા ચીફ ઓફિસર પાંચાભાઈ અને પાલીકા પ્રમુખ સ્મીતાબેન સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા

## આગામી ૨૦૨૨ની ચૂંટણી મા ગુજરાતમા કોંગ્રેસ ની સરકાર બનશે કોરોના અને મોંઘવારીથી ત્રસ્ત જનતા ભાજપને જાકારો આપશે

# રાજપીપલા ખાતે ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની ઉપસ્થિતિમા નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી બેઠક યોજાઈ




## કોરોનાની બીજી લહેરમાં લાખોને મોતને ઘાટ ઉતારનાર અને પ્રજાને મોંઘવારીની ભેટ આપનાર ભાજપ સરકાર સામે ખાતે ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાના આકરા પ્રહારો

રાજપીપલા, તા.૯

કોરોનાની બીજી લહેરમાં લાખોને મોતને ઘાટ ઉતારનાર અનેગુજરાતની પ્રજાને મોંઘવારીની ભેટ આપનાર ભાજપ સરકાર સામે ખાતે ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપા સરકાર સામે આકરા પ્રહારોકરી ભાજપની નીતિ રીતિ ની ઝાટકણી કાઢી હતી. બીજી લહેરમાં ભાજપા સરકારની અણ આવડત અને આયોજન ના અભાવે ઓક્સિજન, બેડ, રેમડેસીવર ઈન્જેકસનની કમી, તથા યોગ્ય સારવાર ન કરી શકતા ગુજરાત મા લાખો નિર્દોશ લોકોએ જાન ગુમાવ્યાએ માટે અમિત ચાવડાએ ભાજપા સરકારને જવાબદાર ઠેરવ્યા હતા. વડા પ્રધાન મોદીએ નવા કેબિનેટ પ્રધાન મન્ડળ માંથી આરોગ્ય પ્રધાનને બદલવા પડ્યા તે માટે કોરોના મા દેશના નાગરિકોને જાન બચાવવા મા નિષ્ફળ જતા વડા પ્રધાને આરોગ્ય મન્ત્રીનું રાજીનામુ લેવું પડ્યું પણ એ માટે માત્ર આરોગ્ય મન્ત્રી જ જવાબદાર નથી એ માટે વડાપ્રધાન પણ જવાબદાર છે માટે વડાપ્રધાન પણ જવાબદાર હોઈ તેમના રાજીનામાંની માંગ કરી હતી.

એ ઉપરાંત ભાજપા ના રાજમાં છાસવારે પેટ્રોલ ડિઝલઅને ગેસ તથા ખાતર સહિત જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ ના સતત ભાવ વધારાની જનતાને ભાજપની સરકારે ભેટ આપી છે. કોરોના કાળમાં સતત વધતી જતી મોંઘવારીથી જનતા ત્રાસ્ત છે આગામી ૨૦૨૨ની ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમા પ્રજા ભાજપા ને જાકારો આપશે અને ગુજરાત મા પરિવર્તન આવશે.૨૦૨૨મા ગુજરાત મા કોંગ્રેસની સરકાર ફરી સત્તા પર આવશે એમ જણાવી કોંગી કાર્યકરો આગેવાનો ૨૦૨૨ની ચૂંટણીની તૈયારીમા લાગી જવા અનુરોધ કર્યો હતો. ઉપરોક્ત નિવેદન રાજપીપલા સરદાર ટાઉન હોલમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા ના અધ્યક્ષ સ્થાને નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી ની મહત્વની બેઠકમા વાત જણાવી હતી.

જેમાં નાંદોદ તાલુકાના ધારાસભ્ય પી ડી વસાવા,માંડવી ધારાસભ્ય આનંદ ચૌધરી પ્રદેશ મહામન્ત્રી હરેશ વસાવા, મન્ત્રી પ્રફુલ પટેલ, જિલ્લા પ્રમુખ હરેન્દ્ર વાળન્દ, ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ ઈમ્તિયાઝ અલી કાદરી,પૂર્વ ધારાસભ્ય અમરસિંહ વસાવા તથા તાલુકાકોંગ્રેસ ના સદસ્યોહોદ્દેદરો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ સહિત કોંગ્રેસના આગેવાનોએકોરોના કાળમાં કોરોનાને કારણે દિવંગત થયેલાપાંચ જેટલાં આગેવાનો સ્વ દિનેશભાઇ તડવી, ડો. ગંભીર વસાવા, લીલાબેન વસાવા,કાંતાબેન વસાવા,દેવજીભાઈ વસાવા ને પુષ્પાંજલી અર્પી ભાવભીની શ્રન્ધાજલી આપી હતી

આ પ્રસંગે ધારાસભ્ય પી ડી વસાવા,માંડવી ના ધારાસભ્ય આનંદ ચૌધરી,ઈમ્તિયાઝ અલી કાદરી, અરવિંદ દોરા વાળા,પ્રદેશ મન્ત્રી પ્રફુલ પટેલ સહીત ના આગેવાનોએ

એ પ્રવચન કરી કોરોના. મોંઘવારી પેટ્રોલ ડિઝલ ના ભાવ વધારાથી જનતા ત્રાસી ગઈ છે લોકો ના પ્રશ્નો ને વાચા આપવા,સંગઠન મજબૂત બનાવી ૨૦૨૨ની વિધાન સભાંની ચૂંટણીમા ભાજપા ને હરાવી કોંગ્રેસનું સાશન લાવવા અનુરોધ કર્યો હતો. કોરોનામાં ઓક્સિજન, બેડ, દવાઓ ન મળતાં હજારો લોકોના મોતની ભેટ ભાજપે આપી અને બીજી લહેરમાં બે લાખથી વધુ લોકો ના મોત માટે ભાજપની સરકાર જવાબદારછે એમ જણાવી અણ આવડત વાળી સરકાર ગણાવી હતી.

કોરોનમાં નર્મદા મા કેટલા સાચા મૃત્યુ થયાં તેનો સાચો આંકડો કોંગ્રેસ મેળવશે.તેમજ

રાજપીપલા અંકલેશ્વર નેરોગેજ બંધ પડેલી રેલવે લાઈન ચાલુ કરાવવી પડશે નર્મદાસહિત ગુજરાત મા નેટવર્ક ના ઠેકાણા નથી. ઓનલાઇન શિક્ષણ અને ડિજિટલ શિક્ષણ ગામડાઓ મા નિષ્ફળગયું છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આદિવાસીઓ, વિસ્થાપિતો ના પ્રશ્નો ઉકેલવામાં ભાજપ સરકાર નિષ્ફળ ગઈ હોવાનું જણાવી આકરા પ્રહારો કર્યા હતા

કાર્યક્રમ ના અંતે અમિત ચાવડા અને નાંદોદ ધારાસભ્ય પી ડી વસાવાની આગેવાની મા મોંઘવારી ની વિરોધમા પોસ્ટર બેનર સામે સૂત્રોચાર કરી રેલી કાઢી હતી.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## ખાનગી શાળાના ૨૧ વિદ્યાર્થીઓએ આ શાળામાં આ વર્ષે એડમિશન કરાવ્યું

# જોધપુર પ્રાથમિક શાળા નં.૧ દ્વારા હોમ લર્નિંગ અંતર્ગત શેરી શિક્ષણ શરૂ કરવામાં આવ્યું

કોવિડ ૧૯ ના કારણે છેલ્લા દોઢ વર્ષથી રાજ્ય ભરની તમામ શાળાઓ બંધ છે, તમામ ધોરણના બાળકોએ શાળામાં અભ્યાસ અર્થે આવવાનું હોતું નથી, પરંતુ ×શાળા બંધ છે, શિક્ષણ નહીં× અંતર્ગત દરેક વિદ્યાર્થીઓને ઘરે બેઠા શિક્ષણ મળી રહે તેની ઉત્તમ વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા ગોઠવવામાં આવી છે., જેમા માઈક્રોસોફ્ટ ટીમ્સ પર ઓનલાઇન શિક્ષણ અને ટીવીના માધ્યમથી વર્ચ્યુઅલ શિક્ષણ આપવામાં આવે છે. તેની સાથોસાથ જે બાળકો ઓનલાઇન અભ્યાસ કરી શકવાને સમર્થ નથી તેના માટે રાજય સરકાર દ્વારા 'શેરી શિક્ષણ' થકી અભ્યાસ કરાવવાની ઉમદા વ્યવસ્થા કરવામાં આવી છે.

ઓનલાઈન અભ્યાસમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે અંતર હોવાથી અભ્યાસની એકાગ્રતા જળવાઈ રહેવામાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. જેથી શેરી શિક્ષણ થકી આ અંતર ઘટાડીને શિક્ષકો દ્વારા બાળકોના ઘર આંગણે જઈને શિક્ષણ આપવાનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જોધપુર પ્રાથમિક શાળા નં.૧ ના આચાર્યશ્રી પ્રતાપભાઇ ગેડીયા જણાવે છે કે અમારી શાળામાં ધોરણ ૧ થી ૮ માં હાલ ૪૩૬ વિદ્યાર્થીઓ રજીસ્ટર પર નોંધાયેલા છે. શાળાના તમામ શિક્ષકો અને આચાર્યશ્રી દ્વારા ઓનલાઈન શિક્ષણની સાથે-સાથે જોધપુરના ગોપાલ આવાસ, ગોકુલ આવાસ,વ્રજનગરી અને વિસતનગર તલાવડી, આનંદનગર વિસ્તારમાં જઈને શાળાના ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવાનું કાર્ય સવારે ૯ વાગ્યાથી કરી રહ્યા છે. દરેક શિક્ષકો કોવિડ–૧૯ ની ગાઈડલાઇનનું પાલન કરીને સેનેટાઈઝર,માસ્ક, બ્લેકબોર્ડ,ચોક, શેતરંજી અને પુસ્તકો સાથે આ બાળકોના વિસ્તારમાં જઈને તેઓના ફળિયામાં બેસીને ભણાવવામાં આવી રહ્યા છે. જેમાં જોધપુરના જુદા-જુદા વિસ્તારોમા અંદાજે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ શેરી શિક્ષણમા ભણવા આવી રહ્યા છે.

શિક્ષકો રૂબરુ ઘર આંગણે ભણાવવા આવતા હોઇ જોધપુર પ્રાથમિક શાળામાં અભ્યાસ ન કરતા પણ ઘણા વિદ્યાર્થીઓ શેરી શિક્ષણ દરમ્યાન અહી ભણવા બેસે છે ત્યારે




શિક્ષકો દ્વારા તેમને પણ પ્રોત્સાહિત કરીને તેમના વિષયો ભણાવવામાં આવે છે. જેના મીઠા ફળ સ્વરૂપે ખાનગી શાળામાં અભ્યાસ કરતા ૨૧ બાળકોએ જોધપુરની આ શાળામાં આ વર્ષે એડમિશન પણ કરાવ્યું છે.

શેરી શિક્ષણમાં જ્ઞાનની ધારા વહેતી જોઈને આસપાસ રહેતા લોકો પણ ખુબ પ્રભાવિત થઈને સાથ સહકાર આપી રહ્યા છે. જેમાં નજીકના દુકાનદાર તરફથી દરેક વિદ્યાર્થીઓ માટે પેન્સિલ, રબર અને સંચો, ચોકલેટ અને નાસ્તો પણ આપી રહ્યા છે.

જોધપુર પ્રાથમિક શાળાના શિક્ષકો સુશ્રી સ્મિતાબેન સોની,સુશ્રી ચંદ્રિકાબેન પટેલ,સુશ્રી નલિનીબેન પટેલ,સુશ્રી નયનાબેન ઠક્કર, સુશ્રી દર્શાનાબેન પટેલ, શ્રી મનિષકુમાર પટેલ, સુશ્રી જયોતિકાબેન સુથાર,સુશ્રી કિન્નરીબેન શાહ,સુશ્રી રીટાબેન પંડયા,શ્રી કિર્તીકુમાર પટેલ, મિત્તલ પંડ્યા,શિવાની દવે, હરદિપ વેગડા દ્વારા તેઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવાનું કામ કરી રહ્યા છે. હોમ લર્નિંગને પરિણામલક્ષી બનાવવા જોધપુર પ્રાથમિક શાળા નં.૧ ના શિક્ષકો ખરા અર્થમાં શિક્ષણની જ્યોતને પ્રજ્વલિત રાખી રહ્યા છે

- મનીષા પ્રધાન

## વિપક્ષ નેતા પરેશ ધાનાણી માલપુરમાં બળદગાડા સાથે રેલી યોજી મોંઘવારી સામે વિરોધ નોંધાવ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

દેશમાં સતત વધી રહેલી મોંઘવારી થી ગરીબ અને જરૂરીયાતમંદ તેમજ મધ્યમવર્ગીય પરીવારોની હાલત કફોડી બની છે પેટ્રોલ,ડીઝલ અને રાંધણ ગેસમાં કમ્મરતોડ ભાવ વધારાના પગલે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમીતી તાલુકા મથકે ભાવ વધારો પરત ખેંચવા વિરોધ પ્રદર્શન કરી રહી છે ત્યારે માલપુર નગરમાં વિપક્ષ નેતા પરેશ ધાનાણી,મધુસુદન મીસ્ત્રીની આગેવાની હેઠળ બળદગાડું, ઉંટલારી અને સાયકલ ચલાવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો મોડાસા-ગોધરા રોડ ચક્કાજામ થતા પોલીસ દોડી આવી વીપક્ષ નેતા સહીત કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની અટકાયત કરી હતી કોંગ્રેસની રેલીમાં સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા હતા પેટ્રોલ ડીઝલના ભાવ વધારાના કારણે ઉભી થયેલી મોંઘવારીના કારણે હવે કોંગ્રેસ મેદાને આવી છે.અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે વિધાનસભાના કોંગ્રેસના વિપક્ષ નેતા પરેશ ધાનાણીની આગેવાનીમાં અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો.પરેશ ધાનાણીએ બળદગાડું હાઇવે પર ચલાવ્યું હતું.મોડાસા-ગોધરા સ્ટેટ હાઇવે પર કોંગ્રેસ બળદગાડું,ઘોડા,ઊંટલારી,સાયકલ સાથે રેલી કાઢી હતી.

# રાજપીપલામા ૧૨મીએ ભગવાન જગન્નાથની રથયાત્રા કોવીડ ૧૯ના પ્રોટોકોલ પ્રમાણે નીકળશે

રાજપીપલા, તા.૯

રાજપીપલા મા ૧૨મીએ ભગવાન જગન્નાથની રથયાત્રાપહેલીવાર કોવીડ ૧૯ના પ્રોટોકોલ પ્રમાણે નીકળશે.આ રથયાત્રામા ૬૦વધુ લોકોને ભેગાકરી શકાશે નહીં. તેમજ આ વખતે ટ્રક, હાથી, ભજન મંડળી, બેન્ડ વિગેરેરથયાત્રા/શોભાયાત્રામાં ભાગ લેવા પ્રતિબંધ મુકાયો છે. તથાપુજાવિધિમાં ભાગ લેનાર તમામે રથયાત્રાના ૪૮-કલાક પહેલાકરાવેલ ઈૅઝઈ્ીજં નેગેટીવ હશે તેઓ જ સામેલ થઇ શકશે.

આ અંગે નર્મદા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડ્યું છે. જે મુજબ રાજ્યમાં પ્રતિવર્ષ અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની પરંપરાગત રીતે રથયાત્રા/શોભાયાત્રા કાઢી હર્ષ અને ઉલ્લાસ સાથે આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. પણ રાજ્યમાં ચાલુ વર્ષે પણ ભગવાન જગન્નાથજીની પરંપરાગત રીતે રથયાત્રા/શોભાયાત્રા કાઢવા માટે મંજુરી

આપવા રાજ્ય સરકારને મૌખિક અને લેખિત વિવિધ રજુઆતો મળેલ છે. આ રજુઆતો તથા રાજયની હાલની કોરોના સંક્રમણની પરિસ્થિતિની રાજ્ય સરકાર દ્વારા સમીક્ષા કરવામાં આવેલ છે.

આગામી અષાઢી બીજ એટલે કે તા.૧૨.૦૭.૨૦૨૧ના રોજ રાજયમાં ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા/શોભાયાત્રાને નીચેની શરતો)નિયંત્રણોને લક્ષમાં રાખી સ્થાનિક વહીવટીતંત્રએ મંજૂરી અંગેનો નિર્ણય લેવાનો રહેશે.સ્થાનિક વહિવટી તંત્રએ સબંધિત મંદિર/ટ્રસ્ટ/આયોજકો સાથે ચર્ચા કરી ટૂંકામાં ટૂંકો માર્ગ નક્કી કરવાનો રહેશે. રથયાત્રા/શોભાયાત્રા નક્કી કરેલ માર્ગ ઉપર મહત્તમ ૫ (પાંચ) સંખ્યાનારથ / વાહન સાથે નિકળશે. પરંતુ, અખાડા, ટ્રક, હાથી, ભજન મંડળી, બેન્ડ વિગેરેરથયાત્રા/શોભાયાત્રામાં ભાગ લઇ શકશે નહીં.

કેટલીક રથયાત્રાઓ/શોભાયાત્રાઓ યાંત્રિક વાહનો ઉપર અથવા યાંત્રિક વાહનો/ખલાસીઓ

દ્વારા ખેંચવામાં આવે છે. જેથી, સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરીયાતોને ધ્યાને રાખી રથયાત્રા/શોભાયાત્રામાં ભાગ લેનાર ખલાસીઓની સંખ્યા ઓછામાં ઓછી રાખવાની રહેશે.

અને, કોઇ પણ સંજોગોમાં એક સાથે ૬૦ થી વધારે ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.. રથયાત્રા/શોભાયાત્રામાં ભાગ લેનાર વાહન ચાલકો, ખલાસીઓ, મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો/સંચાલકો અને પુજાવિધિમાં ભાગ લેનાર તમામે રથયાત્રાના ૪૮-કલાક પહેલાકરાવેલ RTPCR Test નેગેટીવ હશે તેઓ જ સામેલ થઇ શકશે. આ તમામે coVID-19.vaccine નો પ્રથમ ડોઝ લીધેલ હોવો જોઈશે. જો કે બંને ડોઝ લીધેલા હોય તે હિતાવહ રહેશે.

તમામે coVID-19 પ્રોટોકલ નું પાલન કરવાનું રહેશે. રથયાત્રા દરમિયાન રથયાત્રામાં સામેલ રથ વાહન વચ્ચે યોગ્ય અંતર જાળવવાનું રહેશે.

C0VID-19ના સંક્રમણને ધ્યાને લેતા રથયાત્રા / શોભાયાત્રા દરમિયાન માર્ગ ઉપર પ્રસાદ વિતરણ થઈ શકશે નહી. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જ્યોતિ જગતાપ, રાજપીપલા

# શ્રી રણજીતનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા યોગગુરુ પ્રીતિબહેન શુકલનું સન્માન કરવામાં આવ્યું



શ્રી રણજીતનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા યોગગુરુ પ્રીતિબહેન શુકલ ને ગુજરાત ના માનનીય મુખ્યમંત્રી શ્રી વીજયભાઇ રૂપાણી દ્વારા યોગ દિવસ ના દિવસે સન્માનિત કરેલ આ સન્માન મેળવી ને તેમણે બ્રહ્મસમાજ તેમજ જામનગર નું ગૌરવ વધારેલ છે તેમાટે તેમને પુષ્પગુચ્છ તથા સાલ ઓઢાડી ને તેમનું સન્માન કરવામાં આવ્યું આ ઉપરાંત સુપ્રસિદ્ધ નાટકકાર તથા જેમણે કલાક્ષેત્રે અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં કો-પ્રોડ્યુસર બની ખૂબ જ સારી પ્રગતિ કરેલી ને હાલમાં જ જેમને રોટરી ક્લબના પ્રમુખ તરીકે વરણી થયેલી તેવા શ્રી લલિતભાઈ જોશી તથા શ્રી અશ્વિનભાઈ પંડ્યા ને BJP માં વોર્ડ નં ૬ માં સતત બીજીવાર પ્રભારી તારીકે વર્ણી થતા તેમને પુષ્પગુચ્છ તથા સાલ ઓઢાડી ને તેમનું સન્માન કરવામાં આવ્યું શ્રી રણજીતનગર સમસ્ત બ્રહ્મસમાજ વતી સંસ્થા ના પ્રમુખ શ્રી સુનીલભાઈ ખેતીયા, મંત્રી શ્રી ચિરાગભાઇ પંડ્યા, ઉપ પ્રમુખશ્રી હરીશભાઈ પડ્યાં, પૂર્વ પ્રમુખશ્રી મનોજભાઈ જોશી,નરેન્દ્રભાઈ ત્રિવેદી(N.D.) સુરેશભાઈ ત્રિવેદી, હરીશભાઇ મહેતા તથા કારોબારી સભ્યશ્રી , પંકજભાઈ ઠાકર, ભુપેશભાઈ ઉપાધ્યાય, પ્રવીણ ભટ્ટ, વિપુલભાઇ સુમબડ, કિરીટભાઈ જોશી, વિજયભાઈ વ્યાસ, જયદેવ ભાઈ ભટ્ટ તથા કરછી રાજગોર જ્ઞાતી ના મંત્રીશ્રી મીલન બોડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આ મીટીગ માં આર.ડી ત્રિવેદી ની સંસ્થા ના ખજાનચી તરીકે વરણી કરવામાં આવી



હિન્દુસ્તાન સ્કાઉટ ગાઈડ અસોસિએશન ગુજરાત પ્રદેશ ડેલિગેશન આજે ગુજરાતના ગવર્નર મહામહીમ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી. ગુજરાત ગવર્નર શ્રી સાથે ની મુલાકાત માં હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ એસોસિએશન ના નેશનલ ચીફ કમિશનર આઈપીએસ શ્રી અનિલ પ્રથમ, ગુજરાત રાજ્ય સેક્રેટરી શ્રી સારંગ પાઠક, શ્રી આલાપ શાહ , શ્રી તુષાર રાવલ, શ્રી જયેશ મિસ્ત્રી તથા શ્રી દધીચિ ગોર ઉપસ્થિત રહ્યા હતા. હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ અસોસિએશન દ્વારા આગામી સમયમાં ઉત્કૃષ્ટ સ્કાઉટ અને ગાઈડ માટે ગવર્નર એવોર્ડ ની ચર્ચા કરવામાં આવી તથા આગામી કાર્યક્રમોની રૂપરેખા થી ગવર્નર શ્રી ને અવગત કરવામાં આવ્યા.

# રથયાત્રા ના પવિત્ર દિવસથી ગાંધીનગર અક્ષરધામ દર્શનાર્થીઓ માટે પુનઃખુલ્લુ મુકાશે



કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે ૯ એપ્રિલથી બંધ રહેલુ ગાંધીનગર અક્ષરધામ પુનઃ ખુલ્લુ મુકાશે. દર્શનાર્થીઓ અને ભાવિક ભક્તો આ ભવ્ય સાંસ્કૃતિક પરિસરના દર્શન હવેથી કરી શકશે. દર્શન કરવા માટે હાલનું સમયપત્રકઃ સવારે ૧૦:૦૦ કલાકથી થી ૭:૩૦ કલાક દરમિયાન અક્ષરધામ પરિસરમાં પ્રવેશ મળી શકશે. અક્ષરધામ મંદિરના દર્શન, પ્રદર્શન ખંડો, બુકસ્ટોલ, ગેમ્સ, પ્રેમવતી રેસ્ટોરન્ટ અને દરરોજ સાંજે ૭:૪૫ કલાકે યોજાતા વોટરશોને પણ દર્શનાર્થીઓ નિહાળી શકશે. નીલકંઠ અભિષેક પૂજા વિધિ હાલ પૂરતુ બંધ રહેશે.

દર્શનાર્થીઓએ અક્ષરધામની મુલાકાત દરમિયાન પોતાના અને જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે કોરોના મહામારી અંગેના સરકારશ્રીના તમામ નિયમો અને માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સમગ્ર પરિસરમાં તેઓએ માસ્ક સતત પહેરી રાખવાનું રહેશે તેમ જ સોશિયલ ડીસ્ટન્સીન્ગનુ પણ પાલન કરવાનું રહેશે. પરિસરમાં પ્રવેશ મેળવતા પહેલા થર્મલ સ્ક્રીનીંગ અને હેન્ડ સેનિટાઈઝેશન ફરજીયાત રહેશે. સામાન્ય કરતાં વધુ તાપમાન ધરાવતા તેમજ ર્ઙ્ગૈંઙ્ઘ-૧૯ના લક્ષણો ધરાવતા મુલાકાતીઓને પરિસરમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

નોંધઃ સોમવારને શુભદિને રથયાત્રા હોવાથી આ સોમવારથી અક્ષરધામ શરૂ થશે. તે દિવસ સિવાયના દર સોમવારે અક્ષરધામ બંધ રહેશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK